કહાન મહિમા પ્રકાશન પુષ્પ નં. ૩૧ (પુસ્તિકા—૨૧)

**(સંપૂર્ણ છ ઢાળા ગુજરાતી પદ્યમાં)**

શ્રી વીતરાગાય નમઃ

ૐ

# છ ઢાળા પદ્ય







**અધ્યાત્મપ્રેમી કવિવર પંડિત શ્રી દૌલતરામજી કૃત છ ઢાળાની સુબોધિની ટીકા—ભાવાર્થનું સંપૂર્ણ પદ્યરૂપાંતર હરિગીતિકા છંદમાં શાસ્ત્રીય રીતે રચાયેલ કુલ ૫૬૦ (પાંચસો સાંઠ) જેટલાં શ્લોક (ભારતીય ભાષાઓમાં સૌ પ્રથમ)**


રચના-ગુજરાતી પદ્યરૂપાંતર કર્તા

**ધીરજલાલ પ. દેસાઈ 'ચૈતન્યપ્રિય'(B.Sc;M.Ed.)**


રચના—તા. ૨૧-૧-૦૮ (સુરેન્દ્રનગર)થી તા. ૩-૦૨-૦૮ સોનગઢ (કુલ ૧૪ દિવસ)
પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન થયેલ શાસ્ત્રીય રચના

**મૂલ્ય : સ્વાધ્યાય**

**આ પુસ્તિકાની ૧૦૦૦ નકલ રચનાકાર તરફથી લલિતાબહેન પી. અજમેરાને ૧૦૦ વર્ષની ઉજવણીની પૂર્વ તૈયારી અનુસંધાને પ્રકાશિત કરવામાં આવેલ છે.**

**મંજુલાબહેન રમેશચંદ્ર શાહ, સુરેન્દ્રનગર**
(ભગવાનના માતા-પિતા બન્યા તેની ખુશાલીમાં)

*ફાગણ વદ (૧૦) મંગળવાર*

*તા. ૧-૪-૨૦૦૮*

**પૂ. બહેનશ્રી ચંપાબહેનનો**
**૭૬મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ**


-: પ્રકાશક :-

**ધીરજલાલ પુરુષોત્તમ દેસાઈ**
**સુધાબહેન ધીરજલાલ દેસાઈ**
**''ચંપામૃત''** ૫૯, કહાન નગર
સોસાયટી—સોનગઢ-૩૬૪૨૫૦
ફોન નં. (૦૨૮૪૬) ૨૪૪૬૫૪

## 'કહાન મહિમા' પ્રકાશન (ચૈતન્યપ્રિય રચિત પદ્ય રચનાઓ)ના પુષ્પોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | કહાન મહિમા | ૩૪ | ૧૯૬૫ |
| ૨. | જીવસૂત્ર | ૩૧૨ | ૨૦૦૧ |
| ૩. | સમકિતસૂત્ર | ૩૯૩ | ૨૦૦૧ |
| ૪. | પુણ્ય-પાપસૂત્ર | ૪૦૭ | ૨૦૦૨ |
| ૫. | કારકસૂત્ર | ૬૩૩ | ૨૦૦૨ |
| ૬. | દ્દષ્ટિસૂત્ર | ૩૯૫ | ૨૦૦૨ |
| ૭. | માત મહિમા | ૩૨ | ૨૦૦૨ |
| ૮. | માર્ગસૂત્ર | ૨૫૫ | ૨૦૦૨ |
| ૯. | ઉપાદાનસૂત્ર | ૨૫૧ | ૨૦૦૩ |
| ૧૦. | ભાવનાસૂત્ર | ૧૮૦ | ૨૦૦૩ |
| ૧૧. | નયસૂત્ર | ૮૬ | ૨૦૦૩ |
| ૧૨. | જ્ઞાનસૂત્ર | ૯૬ | ૨૦૦૩ |
| ૧૩. | દેવસૂત્ર | ૪૫૭ | ૨૦૦૩ |
| ૧૪. | દ્રવ્યસૂત્ર | ૧૦૫ | ૨૦૦૩ |
| ૧૫. | પુરુષાર્થસૂત્ર | ૧૬૦ | ૨૦૦૩ |
| ૧૬. | પંચતત્ત્વસૂત્ર | ૧૯૪ | ૨૦૦૩ |
| ૧૭. | ચંપામૃત (હિન્દી) | ૧૧૯૯ | ૨૦૦૪ |
| ૧૮. | કહાનામૃત (હિન્દી) | ૧૦૭૦ | ૨૦૦૪ |
| ૧૯. | ચંપામૃત(ગુજરાતી) | ૧૧૯૯ | ૨૦૦૪ |
| ૨૦. | કહાનામૃત (ગુજરાતી) | ૧૧૯૨ | ૨૦૦૪ |
| ૨૧. | જૈન ભજન | ૫૭ | ૨૦૦૫ |
| ૨૨. | ધન્યાવતાર દ્વિશતક | ૨૦૦ | ૨૦૦૬ |
| ૨૩. | દેવ-ગુરુ-શાસ્ત્ર અશાતના | ૧૪૮ | ૨૦૦૭ |
| ૨૪. | નવયુગ વિશેષાંક (૭૫ સમ્યક્ત્વ જયંતી વિશેષાંક) | ૮ | ૩-૨૦૦૭ |
| ૨૫. | નવયુગ વિશેષાંક (૧૧૮ જન્મજયંતી વિશેષાંક) | ૭ | ૪-૨૦૦૭ |
| ૨૬. | કહાન તત્ત્વસાર | ૩૯૦૦ | ૨૦૦૭ |
| ૨૭. | નવયુગ વિશેષાંક (૯૪મી જન્મ-જયંતી વિશેષાંક) | ૨૨ | ૮-૨૦૦૭ |
| ૨૮. | નવયુગ વિશેષાંક (દશલક્ષણ પર્વ વિશેષાંક) | ૮ | ૯-૨૦૦૭ |
| ૨૯. | મહાવીર | ૪૦૦ | ૨૦૦૭ |
| ૩૦. | નિયમસાર પદ્ય | ૧૭૬૦ | ૨૦૦૮ |
| ૩૧. | છ ઢાળા પદ્ય | ૫૬૦ | ૨૦૦૮ |

* VCD/DVD/MP3 (૬૨ ભજનો)
* ઑડિયો કેસેટ્સ (૬૨ ભજનો)
* ઑડિયો કેસેટ્સ ચંપામૃત, કહાનામૃત

## 'ચૈતન્યપ્રિય'ના શૈક્ષણિક કાર્યક્રમોની ઝલક

* ૬૦ શૈક્ષણિક લેખો, ધબકાર, સુરત
* ૨૦૦૦ ચિત્રોનું પ્રદર્શન
* ૨૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનો
* ૫૦૦ શાળા કોલેજો માટે ફન પ્રોગ્રામ્સ
* ૧૦ શૈક્ષણિક વર્કશોપ આયોજન
* ૧૦૦૦ જૈન તત્ત્વજ્ઞાનની ટ્રાન્સપરન્સી
* ૧૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનોની ટ્રાન્સપરન્સી
* ૨૫ હેલ્થકેર આલ્બમ (સંકલન)
* ૪૦ જેટલા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સેમિનાર
* ૫ શૈક્ષણિક રાષ્ટ્રીય સેમિનાર પેપર્સ
* ૩૧ વર્ષ બી.એડ. કોલેજ (વ્યાખ્યાતા, પ્રિન્સીપાલ)
* ૫ વર્ષ માધ્યમિક શાળા (આચાર્ય)
* ૨૫ શિક્ષણ/મનોવૈજ્ઞાનિક સાહિત્યના આલ્બમ
* ૨૦ મનોવૈજ્ઞાનિક કસોટીઓનું પરીક્ષણ મૂલ્યાંકન
* ૫૦૦૦ ગણિત કોયડાઓનું સંકલન
* ૨૦૦ વિજ્ઞાનનાં મનોરંજક પ્રયોગો
* ૨૦ મનોવિજ્ઞાનનાં પ્રયોગો
* સેંકડો વર્તમાનપત્રનાં સમાચારોનું આલ્બમ
* ૧૫૦ સાયકોથેરાપીનાં પ્રયોગો
* શાળા/કોલેજોમાં સેંકડો વ્યાખ્યાનોનું આયોજન

ૐ

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

## અધ્યાત્મપ્રેમી કવિવર પંડિત દૌલતરામજી કૃત છ ઢાળા (સુબોધિની ટીકા) શ્રી ચુનીલાલ હઠીસિંગ શેઠ કૃત અનુવાદનો પદ્યાનુબંધ

# પહેલી ઢાળ

## સંસાર દુઃખોનું વર્ણન

### મંગલાચરણ

(સોરઠા)

**તીન ભુવન મેં સાર, વીતરાગ-વિજ્ઞાનતા;**
**શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં.**

(છંદ : હરિગીતિકા-૨૮ માત્રા)

૧. ત્રિલોકમાં ઉત્તમ વસ્તુ વીતરાગનું કેવળજ્ઞાન તે–
ઉત્તમ આનંદરૂપ છે, તે મોક્ષનું દેનાર છે.
૨. તેથી હું દૌલતરામ મુજ ત્રિયોગ સાવધાની વડે–
તે વીતરાગ સ્વરૂપ કેવળજ્ઞાનને વંદુ ખરે.

**જે ત્રિભુવન મેં જીવ અનન્ત, સુખ ચાહૈં દુખતૈં ભયવન્ત;**
**તાતૈં દુખહારી સુખકાર, કહૈં સીખ ગુરુ કરુણા ધાર. ૧.**

૩. ત્રિલોકમાં જે જીવ અનંતા તે સદા દુઃખથી ડરે;
તે જીવ અનંતા છે સદા સુખની ચાહના કરે. ૧/૧/૧
૪. તેથી જ આચાર્ય દુઃખતણો નાશ કરનાર ને–
સુખને સદા કરનાર એવી શિખામણ છે કહે. ૧/૧/૨

**તાહિ સુનો ભવિ મન થિર આન, જો ચાહો અપનો કલ્યાન;**
**મોહ-મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ. ૨.**

૫. હે પ્રાણી! નિજ હિત જો ચાહતા તો નિજ મન સ્થિર કરો;
શિક્ષા અહીં ગુરુ જે કહે તેને જરૂર તમે સાંભળો. ૧/૨/૧

૬. જે રીત કો દારૂડિયો, પી દારૂ નશા ચકચૂર થઈ;
જ્યાં ત્યાં જઈ તે આથડી ગોથા ખાઈને જે રીતે પડે. ૧/૨/૨

૭. તે રીત કાળ અનાદિથી જીવરાજ મોહજાળ ફસે;
સ્વરૂપ ભૂલી ચતુર્ગતિ જનમ-મરણ ધરીને ભટકશે. ૧/૨/૩

**તાસ ભ્રમન કી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;**
**કાલ અનન્ત નિગોદ મંઝાર, બીત્યો એકેન્દ્રી તન ધાર. ૩.**

૮. સંસાર જનમ-મરણ ધારણ કથા બહુ મોટી છે;
તો પણ પૂર્વાચાર્યો વડે નિજ અન્ય ગ્રંથે કહેલ છે. ૧/૩/૧

૯. તે રીત હું પણ હ્યાં કહું આ ગ્રંથમાં, તે સાંભળો–
આ જીવ નરકથી નિષ્કૃષ્ટ જે જનમ નિગોદમાં– ૧/૩/-૨

૧૦. એકેન્દ્રિય કે સાધારણ જે વનસ્પતિ કાયમાં ઉપજ્યો;
ત્યાં કાળ અનંતો અરે! બહુદુ:ખે પસાર કર્યો. ૧/૩/૩

**એક શ્વાસ મેં અઠદસ બાર, જન્મ્યો મર્યો ભર્યો દુખભાર;**
**નિકસિ ભૂમિ જલ પાવક ભયો, પવન પ્રત્યેક વનસ્પતિ થયો. ૪.**

૧૧. નિગોદમાં શ્વાસ સમયમાં જન્મ-મરણ અઢાર કરી–
દુ:ખો ભયંકર સહન કરે, વનસ્પતિ સાધારણે ઉપજી. ૧/૪/૧

૧૨. ત્યાંથી નીકળી પૃથ્વી, જલ, અગ્નિ, વાયુકાયિક ને–
પ્રત્યેક વનસ્પતિકાયમાં જીવ તરીકે ઉપજ્યો અરે! ૧/૪/૨

**દુર્લભ લહિ જ્યોં ચિન્તામણિ, ત્યોં પર્યાય લહી ત્રસતણી;**
**લટ પિપીલ અલિ આદિ શરીર, ધર ધર મર્યો સહી બહુ પીર. ૫**

૧૩. જે રીત રત્ન ચિંતામણિ બહુ મુશ્કેલીથી પ્રાપ્ત બને;
તે રીત ત્રસ પર્યાય જીવ મુશ્કેલીથી પ્રાપ્ત કરે. ૧/૫/૧

૧૪. પર્યાય ત્રસ ઈયળ વળી કીડી, ભ્રમર, શરીરમાં–
દ્વિ, ત્રિ, ચતુર ઈન્દ્રિય મર્યો, દુ:ખો બહુ સહતા અહા! ૧/૫/૨

**કબહૂં પંચેન્દ્રિય પશુ ભયો, મન બિન નિપટ અજ્ઞાની થયો;**
**સિંહાદિક સૈની હૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર. ૬.**

૧૫. ક્યારેક પંચેન્દ્રિયમાં અસંજ્ઞી પશુ જીવ પણ થયો;
તે મન વિના હોવા થકી અત્યંત અજ્ઞાની રહ્યો. ૧/૬/૧

૧૬. કો’ વખત તે સંજ્ઞી થયો, સિંહાદિમાં નિર્દય થયો;
નિર્બળ ખાધાં મારીને, તે ઘોર અજ્ઞાની રહ્યો. ૧/૬/૨

**કબહૂં આપ ભયો બલહીન, સબલનિ કરિ ખાયો અતિદીન;**
**છેદન ભેદન ભૂખ પિયાસ, ભાર-વહન હિમ આતપ ત્રાસ. ૭.**

૧૭. તિર્યંચમાં કો વખત જીવ સ્વયં નિર્બળ પશુ થયો;
અસમર્થ જે, બળવાન તે પ્રાણી થકી ખવાઈ ગયો. ૧/૭/૧

૧૮. તિર્યંચમાં છેદન અને ભેદન, ભૂખ તરસ અહા!
ભાર વહન, ગરમી, ઠંડી વગેરે દુ:ખો બહુ સહ્યા. ૧/૭/૨

**વધ બંધન આદિક દુખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને;**
**અતિ સંક્લેશ ભાવતૈં મર્યો, ઘોર શ્વભ્રસાગરમેં પર્યો. ૮.**

૧૯. તિર્યંચમાં વધ, બંધનો, દુ:ખો ઘણાં સહન કરે;
જીભ કરોડથી પણ જે કદી તે ના કહી શકાય છે. ૧/૮/૧

૨૦. અંતે પછી અત્યંત તે પરિણામ માઠાથી મર્યો;
મુશ્કેલીથી ના પાર થતાં સમુદ્ર સમ નરકે ગયો. ૧/૮/૨

**તહાં ભૂમિ પરસત દુખ ઇસો, બિચ્છૂ સહસ ડસે નહિં તિસો;**
**તહાં રાધ-શ્રોણિતવાહિની, કૃમિકુલકલિત દેહદાહિની. ૯.**

૨૧. એ નરક જમીન સ્પર્શથી નારકીઓને દુ:ખ એટલું–
વીંછી હજારો ડંખથી પણ ના દુ:ખ થાયે જેટલું. ૧/૯/૧

૨૨. પરુ, લોહી, કીડા ભરી, વૈતરણી ત્યાં દાહ કરે;
શાંતિ થશે, પ્રવેશતાં પીડા ભયંકર થાય છે. ૧/૯/૨

**સેમર તરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈં તત્ર;**
**મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીત ઉષ્ણતા થાય. ૧૦.**

૨૩. એ નરકમાં તરવાર સમ તીક્ષ્ણ તરુ સેમરતણાં–
છાયાં મળે, માની નીચે જ્યાં જાય, ચીરી નાખતા. ૧/૧૦/૧

૨૪. ત્યાં ગરમી છે એટલી કે સુમેરુ યોજન લાખ શો–
જો હોય લોહપીંડ તો પણ તુરત ઓગળી ત્યાં જતો. ૧/૧૦/૨

૨૫. ને ઠંડી પણ છે એટલી–સુમેરુ યોજન લાખ શો–
જો હોય લોહ પીંડ તો પણ તુરત તે ગળી ત્યાં જતો. ૧/૧૦/૩

૨૬. ઠુંઠવાઈ હાથ ઠંડીથી, ઝાડ હીમથી જ્યમ બળે;
ત્યમ લોહ ચીમળાઈ જતા, સ્કંધ વીખરાઈ બધે. ૧/૧૦/-૪

**તિલ-તિલ કરૈં દેહકે ખંડ, અસુર ભિડાવૈં દુષ્ટ પ્રચણ્ડ;**
**સિન્ધુ નીરતૈં પ્યાસ ન જાય, તોપણ એક ન બૂંદ લહાય. ૧૧.**

૨૭. તે નરકમાં નારકી બીજા નારકીને દુઃખ આપે છે ઘણાં;
તે કૂતરા માફક અંદરો-અંદર રહે લડતા સદા. ૧/૧૧/૧

૨૮. ટુકડા કરે છે એકબીજા તોપણ તે ભેગા બને–
પારા સમાન ફરી ફરી મૂળ શરીરસમ થઈ જાય છે. ૧/૧૧/૨

૨૯. સંકલિસ્ટ છે પરિણામી તે અમ્બ-અમ્બરીષ જાતિના–
દેવ અસુરકુમાર પ્રથમ, બીજી, ત્રીજી નરકે જતા. ૧/૧૧/૩

૩૦. ત્યાં તીવ્ર દુઃખી નારકીને જ્ઞાન અવધિથી વેર બતાવીને–
ક્રૂરતા, કુતુહલતા, લડાવી આનંદિત પોતે થાય છે. ૧/૧૧/૪

૩૧. ત્યાં તરસ લાગે એટલી પાણી મળે સાગરતણું;
પી જાય તરસ ના છીપે પણ ના મળે એકપણ ટીપું. ૧/૧૧/૫

**તીન લોક કો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય;**
**યે દુખ બહુ સાગર લૌં સહે, કરમ-જોગતૈં નરગતિ લહે. ૧૨.**

૩૨. નરકો મહીં ભૂખ તીવ્ર એવી ત્રિલોક અન્ન ખાઈ ભલે–
ના ભૂખ મટે, તો પણ નહીં ત્યાં એક દાણો પણ મળે. ૧/૧૨/૧

૩૩. દસ સહસ્રથી તેત્રીસ સાગરોપમ દુઃખો ભોગવે;
કો શુભ કરમ ઉદયથી તે પ્રાણી માનવ થાય છે. ૧/૧૨/૨

**જનની-ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાયો ત્રાસ;**
**નિકસત જે દુખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩.**

૩૪. માનવગતિ નવમાસ તે માત પેટ મહીં રહે;
ત્યાં શરીર સંકોચે દુઃખી, વર્ણન પણ ના થઈ શકે. ૧/૧૩/૧

૩૫. કો વખત ત્યાંથી નીકળતા માતાતણું વા પુત્રનું–
ત્યાં મરણ તૂરત થાય છે, એ દુઃખને શું વર્ણવું! ૧/૧૩/૨

**બાલપને મેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણી-રત રહ્યો;**
**અર્ધમૃતકસમ બૂઢાપનોં, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪.**

૩૬. માનવગતિ બાળકપણે ના જ્ઞાન વિશેષ લહ્યો;
જુવાનીમાં જ્ઞાન લહ્યો, સ્ત્રી મોહમાં ભૂલી ગયો. ૧/૧૪/૧

૩૭. ને ઘડપણે ઈન્દ્રિ શક્તિ ઘટી વા રોગ એવો લાગીયો–
તે મરણ પર્યંત થયો, વા અધમુઓ પડ્યો રહ્યો. ૧/૧૪/૨

૩૮. આ પ્રાણી આવી હાલતે અવસ્થા ત્રણે દુઃખી થયો;
આતમ સ્વરૂપ દર્શન કે પીછાણ ના પામી શક્યો. ૧/૧૪/૩

**કભી અકામનિર્જરા કરૈ, ભવનત્રિકમેં સુર-તન ધરૈ;**
**વિષય-ચાહ-દાવાનલ દહ્યો, મરત વિલાપ કરત દુખ સહ્યો. ૧૫.**

૩૯. કો વખત નિર્જરા અકામથી ત્યાંથી મરી નિર્જરા થકી–
વ્યંતર, ભવન, જ્યોતિષ કો એકનું શરીર તે ધારણ કરી– ૧/૧૫/૧

૪૦. ત્યાં પણ અન્ય દેવોતણાં દેખી વૈભવ પાંચ ઈન્દ્રિયના–
ઈચ્છારૂપી અગ્નિમહીં દેવભવ મહીં બળતો સદા. ૧/૧૫/૨

૪૧. મંદારમાલા કરમાઈ જતી, શરીરને આભૂષણોની–
કાંતિ થતી ક્ષીણ દેખી નિજ મરણને નજદિક ગણી– ૧/૧૫/૩

૪૨. જ્ઞાન અવધિ આ ભોગની બહુકાળ ભોગવટો નહીં;
એવા વિચારે રોઈ બહુ દુઃખો સહેતો રહ્યો તહીં. ૧/૧૫/૪

**જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુખ પાય;**
**તહૈં તૈં ચય થાવર તન ધરૈં, યોં પરિવર્તન પૂરે કરૈં. ૧૬.**

૪૩. વૈમાનિકે ઉપજ્યો ભલે સમકિત વિણ દુઃખી થયો;
ત્યાંથી મરી ત્રસ સ્થાવર થયો, પૃથ્વી કાયે તે અવતર્યો. ૧/૧૬/૧

૪૪. તિર્યંચ ગતિ ફરી તે પડ્યો, અનાદિથી સંસાર મહીં–
એ રીત તે રખડી રહ્યો, પાંચ પરાવર્તન રહ્યો કરી. ૧/૧૬/૨

❖ ❊ ❖

# બીજી ઢાળ

## 卐 સંસારમાં પરિભ્રમણનું કારણ 卐

(પદ્ધરિ છંદ)

**ઐસે મિથ્યા-દ્રગ-જ્ઞાન-ચર્ણ,-વશ ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ;**
**તાતૈં ઇનકો તજિયે સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧.**

૪૫. મિથ્યાત્વદર્શન-જ્ઞાન-ચરિતથી આ જીવને દુ:ખ થાય છે;
શુભ-અશુભ જે રાગાદિ ને પર સાથ છે એકત્વ જે. ૨/૧/૧

૪૬. શ્રદ્ધા અને જ્ઞાનાદિના મિથ્યા આચરણે દુ:ખી બને;
ના કોઈ સંયોગો કદી સુખ-દુ:ખનું કારણ બને. ૨/૨/૨

૪૭. એ જાણીને સુખાર્થી ત્યાં ભાવ મિથ્યા ત્યાગ તું;
તેથી જ હું સંક્ષેપથી એ ત્રણનું વર્ણન કરું. ૨/૧/૩

**જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વ, સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ;**
**ચેતનકો હૈ ઉપયોગ રૂપ, બિનમૂરત ચિન્મૂરત અનૂપ. ૨.**

૪૮. યથાર્થથી શુદ્ધાત્મદ્રષ્ટિથી જીવાદિ તત્ત્વો સાત જે–
શ્રદ્ધા થકી સમકિતની પ્રાપ્તિ જરૂર થાય છે. ૨/૨/૧

૪૯. તેથી જ તત્ત્વો સાત આ જાણવા જરૂરી બને;
વિપરીત જે શ્રદ્ધાન તેનું, **'મિથ્યા અગૃહિત'** કહે. ૨/૨/૨

૫૦. જ્ઞાન-દર્શ-ઉપયોગરૂપ વા જીવ જ્ઞાતા-દ્રષ્ટા છે કહ્યો;
અમૂર્તિક, ચૈતન્યમયી ઉપમારહિત જીવ જાણવો. ૨/૨/૩

**પુદ્‌ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;**
**તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહ મેં નિજ પિછાન. ૩.**

૫૧. પુદ્‌ગલ, ધર્મ, અધર્મ ને આકાશ, કાળ અજીવ છે;
ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ જીવ પુદ્‌ગલાદિથી જુદો જ છે. ૨/૩/૧

૫૨. મિથ્યાદ્રષ્ટિ, સ્વભાવ આતમ શ્રદ્ધા ના ધારતો;
અજ્ઞાનથી માને ઊલટું, 'શરીર તે હું' એ માનતો. ૨/૩/૨

૫૩. કાર્યો શરીરના હું કરી શકું, મારી ઈચ્છાનુસાર હું,
અવસ્થા શરીર હું રાખી શકું, તે શરીરને જીવ માનતો. ૨/૩/૩

**મૈં સુખી દુખી, મૈં રંક રાવ, મેરે ધન ગૃહ ગોધન પ્રભાવ;**
**મેરે સુત તિય, મૈં સબલ દીન, બેરૂપ સુભગ મૂરખ પ્રવીન. ૪.**

૫૪. ત્રિકાળ જીવ જ્ઞાનસ્વરૂપ, અજ્ઞાની જીવ ના જાણતો;
'હું શરીર કાર્ય કરી શકું' ને 'શરીર તે હું' માનતો. ૨/૪/૧

૫૫. સ્વસ્થ શરીરે લાભ, અનુકૂળ સંયોગે સુખી અને–
પ્રતિકૂળ જો હોય તો દુઃખી નિજને તે માનશે. ૨/૪/૨

૫૬. નિર્ધન હું, ધનવાન હું, બળવાન હું, નિર્બળ બહુ;
કુરુપ હું, સુંદર બહુ, માનવ હું–એમ નિજને માનતો. ૨/૪/૩

૫૭. તે શરીરને આશ્રિત જે ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયા બને;
પોતાપણું ત્યાં માનતો, અભિપ્રાય તે મિથ્યા વડે. ૨/૪/૪

૫૮. પરિણામ જે નિજના નથી, પરિણામ પર પદાર્થના–
પરિણામ નિજના માનતો, **'જીવ'** તત્ત્વની તે ભૂલમાં. ૨/૪/૫

**તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ માન;**
**રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન, તિનહી કો સેવત ગિનત ચૈન. ૫.**

૫૯. મિથ્યાદૃષ્ટિ જીવ માનતો, શરીર ઉપજતા હું જનમતો;
ને શરીરના વિયોગથી મુજ આત્મનું મરણ ગણો. ૨/૫/૧

૬૦. પદાર્થ જડ પરિવર્તને નિજ પરિવર્તન માનતો;
શરીર ઉષ્ણ અવસ્થા થતાં તાવ નિજમાં માનતો. ૨/૫/૨

૬૧. ક્ષુધા, તૃષા, છેદાઈ, કપાઈ અજીવ અવસ્થા બધી–
નિજની જ છે તે માનતો, તે **'અજીવ'**ની ભૂલો બધી. ૨/૫/૩

૬૨. જીવ વા અજીવ પદાર્થ ના સુખ-દુઃખ સુધાર કરે;
ના બગાડ પણ તે કરી શકે, અજ્ઞાની ના તે માનશે. ૨/૫/૪

૬૩. પરનો કર્તા, મમત્વરૂપી મિથ્યાત્વાદિ આસ્રવે તે–
પ્રત્યક્ષ દુઃખકર્તા અને તે બંધના કારણ બને. ૨/૫/૫

૬૪. શુભભાવ કારણ બંધનું અજ્ઞાની સુખકર જાણી સેવતો;
આસ્રવ જે છે તેહને હિતકર માની સેવતો. ૨/૫/૬

૬૫. પરદ્રવ્ય જીવને લાભ કે નુકશાન છે ના કરી શકે;
માની ઈષ્ટ–અનિષ્ટ તે પ્રીતિ-અપ્રીતિને કરે. ૨/૫/૭

૬૬. મિથ્યાત્વ ને રાગાદિનું સ્વરૂપ ઓળખતો નથી;
પદાર્થ પર જે તેહને સુખદુ:ખનું કારણ ગણી. ૨/૫/૮

૬૭. પદાર્થ રાગ-દ્વેષ ને મોહાદિ મને કરાવશે;
છે એમ તે જ્યાં માનતો–'**આસ્રવ**'ની તે ભૂલ છે. ૨/૫/૯

**શુભ-અશુભ બંધકે ફલ મઁઝાર, રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર;**
**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈં આપકૂં કષ્ટદાન. ૬.**

૬૮. કર્મ અઘાતિ ફળાનુસારે પદાર્થ સંયોગરૂપે–
વિયોગરૂપ અવસ્થા બધી પદાર્થની જ્યાં થાય તે– ૨/૬/૧

૬૯. મિથ્યાદૃષ્ટિ અનુકૂળ કે પ્રતિકૂળ માની તેહને–
સુખી-દુ:ખી કરી કલ્પના રાગાદિ, આકુળતા કરે. ૨/૬/૨

૭૦. ધન, સ્ત્રી, પુત્રાદિતણાં સંયોગથી રતિને કરે;
ને રોગ, નિદ્રા, નિર્ધનતા, પુત્ર વિયોગ અરતિને કરે. ૨/૬/૩

૭૧. હો પુણ્ય વા હો પાપ બન્ને બંધકર્તા હોય સદા;
પણ તેમ ના તે માનીને, પુણ્ય હિતકર માને સદા. ૨/૬/૪

૭૨. તત્ત્વદૃષ્ટિ પુણ્ય વળી હો પાપ છે અહિતકર ખરે;
અજ્ઞાની ના એ માનતો, '**બંધ**' તત્ત્વની ભૂલ ખરે. ૨/૬/૫

૭૩. નિશ્ચય સમકિત, જ્ઞાન. ચરિત જીવને હિતકર ખરે;
સ્વરૂપ સ્થિર થતાં રાગ અભાવ તે વૈરાગ્ય છે. ૨/૬/૬

૭૪. છે સુખદાયક તે છતાં કષ્ટદાયક તેને માનતો;
અજ્ઞાની જીવ, '**સંવર**'તણું વિપરીત શ્રદ્ધાન ગણો. ૨/૬/૭

**રોકે ન ચાહ નિજશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય;**
**ચાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુ:ખદાયક અજ્ઞાન જાન. ૭.**

૭૫. આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની હાની થવી;
સંવરપૂર્વક નિર્જરા નિશ્ચય સમકિતીને જાણવી. ૨/૭/૧

૭૬. જ્ઞાનાનંદી સ્વરૂપમાં સ્થિર થતાં શુભાશુભ ઈચ્છાતણો–
નિરોધ તે '**તપ**' હોય જે બે પ્રકારથી છે વર્ણવ્યો. ૨/૭/૨

૭૭. અજ્ઞાનદશામાં જે હોય તે તપ '**બાળતપ**' કહેવાય છે;
તેના થકી ના કોઈ નિર્જરા સાચી હોય છે. ૨/૭/૩

૭૮. સ્વરૂપમાં સમ્યક્ પ્રકાર સ્થિરતા અનુસારનો–
છે જેટલો શુભાશુભ ઈચ્છા અભાવ, તે **‘નિર્જરા’** ગણો. ૨/૭/૪

૭૯. છે તે જ તપ સમ્યક્ તપ, મિથ્યાદૃષ્ટિ ના તે માનતો;
તે નિજ અનંતી માનાદિ શક્તિને છે ભૂલતો. ૨/૭/૫

૮૦. પર આશ્રયે સુખ માનતો, શુભાશુભની ઈચ્છા અને–
ઈન્દ્રિય વિષય ચાહના રોકતો તે **‘નિર્જરા’** ભૂલ જાણજે. ૨/૭/૬

૮૧. પૂર્ણ નિરાકુળ આત્મિક તે સુખની પ્રાપ્તિ અને–
સંપૂર્ણ શુદ્ધતા જીવની તે **‘મોક્ષ’નું** સ્વરૂપ છે. ૨/૭/૭

૮૨. છે તે જ સુખ ખરું પરંતુ અજ્ઞાની ના તે માનશે;
તે માનતો કે **‘મોક્ષમાં તેજમાં તેજ મળી જશે’**. ૨/૭/૮

૮૩. ના મોક્ષમાં છે શરીર ત્યાં ઈન્દ્રિયો પણ છે નહીં;
તેના વિષયો પણ નથી, તો સુખ ત્યાં ક્યાંથી પછી? ૨/૭/૯

૮૪. તે મોક્ષનું નિરાકુળપણું તેને ખરું ના માનતો;
અવતાર ફરી ધરવો પડે, તે **‘મોક્ષ’ની** ભૂલ માનજો. ૨/૭/૧૦

૮૫. મિથ્યાદર્શન અગૃહીત જ્યાં ત્યાં જ્ઞાન જે કંઈ હોય છે;
**‘અગ્રહીત મિથ્યાજ્ઞાન’** તે દુઃખ મહાનનું દેનાર છે. ૨/૭/૧૧

૮૬. ઉપદેશ, બાહ્ય નિમિત્તો તણાં આલંબને તે ગ્રહ્યું નથી;
તે છે અનાદિ તેથી અગૃહીત જ્ઞાન મિથ્યા કહો. ૨/૭/૧૨

**ઇન જુત વિષયનિ મેં જો પ્રવૃત્ત, તાકો જાનો મિથ્યાચરિત્ત;**
**યોં મિથ્યાત્વાદિ નિસર્ગ જેહ, અબ જે ગૃહીત સુનિયે સુ તેહ. ૮.**

૮૭. અગૃહીત દર્શન મિથ્યા ને જ્ઞાન મિથ્યા સહિત જ્યાં–
ઈન્દ્રિ વિષય પ્રવૃત્તિ તે અગૃહીત મિથ્યા ચારિત્રમાં. ૨/૮/૧

૮૮. આ ત્રણ દર્શન, જ્ઞાન ને ચારિત્ર કારણ દુઃખો તણાં–
જાણી તત્ત્વજ્ઞાન વડે તેનો ત્યાગ કરવો જોઈએ. ૨/૮/૨

**જો કુગુરુ કુદેવ કુધર્મ સેવ, પોષૈ ચિર દર્શનમોહ એવ;**
**અંતર રાગાદિક ધરૈં જેહ, બાહર ધન-અંબરતૈં સનેહ. ૯.**

૮૯. કુગુરુ–દેવ-કુધર્મની સેવા થકી બહુ કાળ પરે–
મિથ્યાત્વનું પોષણ બને, તે **‘ગૃહીત મિથ્યાદર્શન’** છે. ૨/૯/૧

૯૦. પરિગ્રહ અંતરંગ અને બહિરંગ બે પ્રકારના–
મિથ્યાત્વ ને રાગિદિને **'અંતરંગ પરિગ્રહ'** જાણવા. ૨/૯/૨

૯૧. વસ્ત્ર, મકાન, પાત્ર આદિ **'પરિગ્રહો બહિરંગ'** કહ્યાં;
તે સહિત જિનલિંગધર માને, **'કુગુરુ'** તેને જાણવા. ૨/૯/૩

૯૨. જિનમાર્ગમાં ત્રિલિંગ તો શ્રદ્ધાપૂર્વક કહેલ છે;
ત્યાં એક જિન સ્વરૂપી નિર્ગ્રંથ દિગંબર **'મુનિલિંગ'** છે. ૨/૯/૪

૯૩. દસમી અને અગીયારમી પ્રતિમા ધરેલ શ્રાવકતણું–
ઉત્કૃષ્ટ બીજું લિંગ તે 'શ્રાવકનું લિંગ' જાણવું. ૨/૯/૫

૯૪. ને ત્રીજું 'આર્યિકાતણું' સ્ત્રીઓતણું લિંગ જાણવું;
તે સિવાય ના ચોથું કહ્યું, સમકિત સહ તે જાણવું. ૨/૯/૬

૯૫. ત્રિલિંગના સિવાયના અન્ય લિંગને જે માનતો;
જિનમતતણી શ્રદ્ધા નથી, મિથ્યાદૃષ્ટિ તેને જાણવો. ૨/૯/૭

૯૬. કુલિંગના ધરનાર ને પરિગ્રહ દ્વિવિધ સહિત જો–
માને મુનિ, ને મનાવતો તેને 'કુગુરુ' તમે જાણજો. ૨/૯/૭

૯૭. જે રીત પથ્થર નાવ ડૂબે ને બેસનાર ડૂબી જતાં–
કુગુરુ સંસારે ડૂબે ને સેવા કરનાર પણ ત્યાં ડૂબતાં. ૨/૯/૯

૯૮. કુગુરુ, વિનય, અનુમોદના **'ગૃહીત મિથ્યાત્વ'** બને;
ને તેથી જીવ કાળ અનંતો ભવભ્રમણને છે તે કરે. ૨/૯/૧૦

**ધારૈં કુલિંગ લહિ મહતભાવ, તે કુગુરુ જન્મજલ-ઉપલનાવ;**
**જો રાગદ્વેષ મલકરિ મલીન, વનિતા ગદાદિજુત ચિહ્ન ચીન. ૧૦.**
**તે હૈં કુદેવ તિનકી જુ સેવ, શઠ કરત ન તિન ભવભ્રમણ છેવ;**
**રાગાદિ ભાવહિંસા સમેત, દર્વિત ત્રસ થાવર મરણ ખેત. ૧૧.**
**જે ક્રિયા તિન્હૈં જાનહુ કુધર્મ, તિન સરધૈ જીવ લહૈ અશર્મ;**
**યાકૂં ગૃહીત મિથ્યાત્વ જાન, અબ સુન ગૃહીત જો હૈ અજ્ઞાન. ૧૨.**

૯૯. જે રાગ ને દ્વેષાદિરૂપ છે મેલથી મેલા રહે;
ને સ્ત્રી, ગદા, આભૂષણે ઓળખાય તે **'કુદેવ'** છે. ૨/૧૦/૧

૧૦૦. અજ્ઞાની જે કુદેવની સેવા કરે, સંસારનો–
ના અંત છે, તે કાળ અનંત ભવભ્રમણને કરી– ૨/૧૦/૨

૧૦૧. મિથ્યાત્વ રાગાગિરૂપી જે ભાવહિંસાને ધરમ કહે;
ત્રસ-સ્થાવર ઘાતરૂપી દ્રવ્ય હિંસા પણ ધરમ ગણે. ૨/૧૧/૧

૧૦૨. 'કુધર્મ' તેની પ્રાણી જે શ્રદ્ધા કરે, દુઃખ પામતો;
તે દેવ-ગુરુ-ધરમ શ્રદ્ધા **'ગૃહીત મિથ્યાદર્શન'** જાણજો. ૨/૧૨/૧

૧૦૩. આ બાહ્યકારણ પરોપદેશાદિ આશ્રયથી બને;
ગૃહીત તે કહેવાય છે, મિથ્યાજ્ઞાનનું વર્ણન હવે. ૨/૧૨/૨

**એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિક પોષક અપ્રશસ્ત;**
**કપિલાદિ-રચિત શ્રુતકો અભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩**

૧૦૪. વસ્તુ અનેક ધર્માત્મમાંથી ધરમ કોઈ એકને–
આખી કહે વસ્તુ, તે કારણે જે દુષિત થયેલ છે– ૨/૧૩/૨

૧૦૫. વિષય-કષાયાદિને પુષ્ટ કરે, કુગુરુના લખેલ જે–
સર્વ પ્રકાર છે જૂઠ તે શાસ્ત્ર, ધર્મ બુદ્ધિ વડે– ૨/૧૩/૨

૧૦૬. લખવા તથા લખાવવાં, ભણવા વળી ભણાવવાં–
જે સાંભળે–સંભળાવતા, છે **'ગૃહીત મિથ્યાજ્ઞાન'** ત્યાં. ૨/૧૩/૩

૧૦૭. જે શાસ્ત્ર જગતે વસ્તુને છે સર્વથા નિત્ય જ કહે;
તે એક અદ્વૈત અને વસ્તુ સર્વવ્યાપક જ કહે. ૨/૧૩/૪

૧૦૮. ને અન્ય કો પદાર્થ નથી–જે શાસ્ત્ર એમ વર્ણવે;
એકાંતવાદથી દુષિત તે શાસ્ત્ર ખરે 'કુશાસ્ત્ર' જ છે. ૨/૧૩/૫

૧૦૯. ને વસ્તુને જે–સર્વથા ક્ષણિક વા અનિત્ય કહે;
ગુણ-ગુણીને જુદા ગણે કો ગુણ સંયોગથી વસ્તુ ગણે. ૨/૧૩/૬

૧૧૦. કો જગતનો કર્તા ગણે, હર્તા–નિયંતા જો વણવે;
વ્રતો મહા, દાનાદિ જે શુભભાવો બધાં પુણ્યાસ્રવ જે– ૨/૧૩/૭

૧૧૧. તે ભાવ પરાશ્રયી તથા મુનિ આહારના શુભભાવ વડે–
સંસારને ઘટવો કહે–જે શાસ્ત્ર, તે **'કુશાસ્ત્ર'** છે. ૨/૧૩/૮

૧૧૨. ઉપદેશ ભાવ ધર્માદિના કથન વિપરિત અન્ય ધર્મિના–
એકાંત તે અપ્રશસ્ત વચનો, **'કુશાસ્ત્ર'** તેને જાણવા. ૨/૧૩/૯

૧૧૩. પ્રયોજનભૂત તત્ત્વો સાત તેનું અયથાર્થપણું જ્યાં નથી;
જ્યાં તત્ત્વ એકની ભૂલ છે, તત્ત્વ સાતની ત્યાં ભૂલ થતી.૨/૧૩/૧૦

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ-અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪.**

૧૧૪. જ્યાં શરીર ને આત્માતણું ના ભેદજ્ઞાન છે જરા–
દૌલત, યશ, ધન, સત્કારના માનાદિ કષાય વશીભૂત જ્યાં– ૨/૧૪/૧

૧૧૫. જે શરીર ક્ષીણકર અનેક પ્રકારની ક્રિયા કરે;
છે માન પોષક જે ક્રિયા તે 'ગૃહીત મિથ્યાચરિત' છે. ૨/૧૪/૨

**તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમ કે હિતપંથ લાગ;**
**જગજાલ-ભ્રમણ કો દેહુ ત્યાગ, અબ દૌલત! નિજ આતમ સુપાગ.૧૫**

૧૧૬. આત્મહિતૈષી જીવ દર્શન-જ્ઞાન-ચરિત નિશ્ચય ધરો–
મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત જે ગૃહીત-અગૃહીતનો– ૨/૧૫/૧

૧૧૭. ત્યાગ કરીને સત્વરે કલ્યાણ મારગે લાગી જશે;
દૌલત! ભટકવું છોડીને સ્વરૂપમાં લીન થા હવે. ૨/૧૫/૨

❖ ❋ ❖

# ત્રીજી ઢાળ

## 卐 સાચું સુખ, બે પ્રકાર મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શનનો મહિમા 卐

(છંદ : જોગીરાસા)

**આતમ કો હિત હૈ સુખ, સો સુખ આકુલતા-બિન કહિયે,**
**આકુલતા શિવ માંહિ ન તાતૈં, શિવમગ લાગ્યો ચહિયે;**
**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન શિવ,-મગ સો દ્વિવિધ વિચારો,**
**જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો. ૧**

૧૧૮. ચારિત્ર સમ્યક્ નિશ્ચય દર્શન-જ્ઞાનપૂર્વક હોય છે;
નિશ્ચય સમકિત સહ સમ્યક્ ભાવશ્રુત જ્ઞાન રહે. ૩/૧/૧

૧૧૯. નિશ્ચય–વ્યવહાર નયો શ્રુતજ્ઞાનના અવયવ ખરે;
તેથી જ મિથ્યાદષ્ટિને બન્ને નયો ના હોય છે. ૩/૧/૨

૧૨૦. પ્રથમ વ્યવહાર, તે પછી નિશ્ચય પ્રગટ થતો;
જે એમ માને તેહને નય સ્વરૂપનું જ્ઞાન ના કહો. ૩/૧/૩

૧૨૧. **‘નિરપેક્ષનય’** હોતા નથી, સમકિત પહેલા વ્યવહાર તો–
નિશ્ચય અપેક્ષા રહિત તે નિરપેક્ષનય ત્યાં થાય તો. ૩/૧/૪

૧૨૨. ને એકલો વ્યવહાર જો પ્રથમ તેને માનશો;
અજ્ઞાન દશામાં તો પછી નય સમ્યક્ રહે છે માનવો. ૩/૧/૫

૧૨૩. નિરપેક્ષ નય જો હોય તો મિથ્યા જ તેને માનજો;
**‘સાપેક્ષ વસ્તુ અર્થકૃત’** એવું વચન આગમ ગણો. ૩/૧/૬

૧૨૪. અજ્ઞાનમાં કો જીવને વ્યવહારનય ના હોઈ શકે;
વ્યવહાર–નિશ્ચયાભાસરૂપ મિથ્યાનય જ ત્યાં હોઈ શકે. ૩/૧/૭

૧૨૫. જીવ જ્ઞાયક નિજ સ્વભાવના આશ્રય વડે;
નિશ્ચય રત્નત્રયને પ્રગટ કરે, સર્વજ્ઞ કથિત જે– ૩/૧/૮

૧૨૬. નવ તત્ત્વ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સંબંધી મિશ્રિત રાગનો–
આવે વિચાર, કષાયમંદ શુભભાવ જે પૂર્વે હતો. ૩/૧/૯

૧૨૭. તે ભૂતનૈગમનય થકી વ્યવહાર કારણ કહેવાય છે;
પરમાત્મપ્રકાશ ટીકા બે અધ્યાયમાં નોંધેલ છે. ૩/૧/૧૦

૧૨૮. તે જીવને નિશ્ચય સમકિતની ભૂમિકા પરે–
શુભરાગ વા નિમિત્ત તે ક્યા પ્રકારે હોય છે? ૩/૧/૧૧

૧૨૯. સહચરપણું બતલાવવા વર્તમાન છે શુભરાગ જે–
તે રાગને વ્યવહારથી મોક્ષમારગ કહેલ છે. ૩/૧/૧૨

૧૩૦. તેથી જુદા પ્રકારના નિમિત્ત તે દશામહીં–
ના કોઈને હોઈ શકે, પણ તે ખરું કારણ નથી. ૩/૧/૧૩

૧૩૧. સુખ સ્વરૂપી છે આતમા, નિજ આશ્રયે સુખ પ્રગટતું;
નિમિત્ત કે વ્યવહાર આશ્રયે સુખ કદી ના પ્રગટતું. ૩/૧/૧૪

૧૩૨. મોક્ષ મારગ તે એક છે તે નિશ્ચય સમકિત ને–
તે જ્ઞાન ને ચારિત્રની એકતારૂપે જ હોય છે. ૩/૧/૧૫

૧૩૩. ના મોક્ષમારગ બે કદી, છે નિરૂપણ બે પ્રકાર જો–
જે મોક્ષ મારગ સત્ય તે **‘નિશ્ચય મારગ’** જાણવો. ૩/૧/૧૬

૧૩૪. જે મોક્ષમારગ તો નથી પણ, નિમિત્ત છે તે માર્ગનું–
સહચારી તે ઉપચારથી **‘વ્યવહારનો મારગ’** કહ્યો. ૩/૧/૧૭

૧૩૫. નિશ્ચય ને વ્યવહારનું સર્વત્ર લક્ષણ એહવું–
સત્ય તે નિશ્ચય અને ઉપચાર વ્યવહાર કહ્યું. ૩/૧/૧૮

૧૩૬. નિરૂપણ અપેક્ષા માર્ગને બે પ્રકાર છે વર્ણવ્યો–
નિશ્ચય ને વ્યવહાર મારગ બે માનવા–મિથ્યા ગણો. ૩/૧/૧૯

**પરદ્રવ્યન તૈં ભિન્ન આપ મેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ,**
**આપરૂપ કો જાનપનોં સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ;**
**આપરૂપ મેં લીન રહે થિર, સમ્યક્ચારિત સોઈ,**
**અબ વ્યવહાર મોખમગ સુનિયે, હેતુ નિયત કો હોઈ. ૨.**

૧૩૭. પદાર્થ પરથી ત્રિકાળ જુદા એવા નિજ આત્મા તણો–
જે અટલ વિશ્વાસ તે સમકિત નિશ્ચય જાણજો. ૩/૨/૧

૧૩૮. પર વસ્તુથી જુદો જાણવો નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે;
સ્વરૂપમાં મગ્ન થવું નિશ્ચય તે ચારિત્ર છે. ૩/૨/૨

૧૩૯. વ્યવહાર મારગ મોક્ષનું કથન હવે કહેલ છે;
નિશ્ચય સહ વ્યવહાર મારગ નિમિત્ત કેવો હોય છે. ૩/૨/૩

**જીવ અજીવ તત્ત્વ અરુ આસ્રવ, બંધ રુ સંવર જાનો,**
**નિર્જર મોક્ષ કહે જિન તિન કો, જ્યોં કા ત્યોં સરધાનો;**
**હૈ સોઈ સમકિત વ્યવહારી, અબ ઇન રૂપ બખાનો,**
**તિન કો સુન સામાન્ય-વિશેષૈં, દિઢ પ્રતીત ઉર આનો. ૩.**

૧૪૦. સમકિત નિશ્ચય હોય ત્યારે વ્યવહાર કેવો હોય છે?
નિશ્ચય જો ના હોય તો વ્યવહાર પણ ના હોય છે. ૩/૩/૧

૧૪૧. નિશ્ચય શ્રદ્ધા સહિત તત્ત્વ સાતની રાગસહિતની–
શ્રદ્ધા અરે, સમકિત તે વ્યવહાર કહેવાય તહીં. ૩/૩/૨

૧૪૨. તત્ત્વાર્થના શ્રદ્ધાનને નિશ્ચય સમકિત છે કહ્યું;
શ્રદ્ધાન તે છે ભેદરૂપ–તેથી જ વ્યવહાર કહ્યું. ૩/૩/૩

૧૪૩. નિમિત્તને બતલાવવા અહીં ત્રીજી ગાથાને કહે;
અર્થ ન એવો જાણવો–નિશ્ચય વિણ વ્યવહાર છે. ૩/૩/૪

**બહિરાતમ, અંતર-આતમ, પરમાતમ, જીવ ત્રિધા હૈ,**
**દેહ-જીવ કો એક ગિનેં બહિરાતમ તત્ત્વમુધા હૈ;**

**ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધ કે અન્તર-આતમ જ્ઞાની,**
**દ્વિવિધ સંગ બિન શુધ-ઉપયોગી, મુનિ ઉત્તમ નિજધ્યાની. ૪.**

૧૪૪. છે જીવ ત્રણ પ્રકાર તે બહિર–અંતર–પરમાતમરૂપે;
જીવ–શરીરને એક જ ગણે, '**બહિરાતમા**' તે જાણજે. ૩/૪/૧

૧૪૫. અવિવેકી મિથ્યાદૃષ્ટિ જે બહિરાતમા તેને કહે;
જીવ–શરીરને જુદા ગણે–ભેદજ્ઞાની '**અંતર આતમ**' છે. ૩/૪/૨

૧૪૬. અંતરાતમા ત્રણ ભેદથી '**ઉત્તમ–મધ્યમ–જઘન્ય**' છે;
અંતર–બહિરંગથી રહિત અતંરાતમા '**ઉત્તમ**' ખરે. ૩/૪/૩

૧૪૭. જે સાતમાંથી બારમાં ગુણસ્થાન શુદ્ધોપયોગી અને–
આતમ ધ્યાની જે મુનિ '**ઉત્તમ**' તે અંતરાત્મ છે. ૩/૪/૪

**મધ્યમ અન્તર-આતમ હૈં જે, દેશવ્રતી, અનગારી,**
**જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવમગચારી;**
**સકલ નિકલ પરમાતમ દ્વૈવિધ, તિન મેં ઘાતિનિવારી,**
**શ્રી અરિહન્ત સકલ પરમાતમ, લોકાલોક નિહારી. ૫.**

૧૪૮. નિશ્ચય સમકિત સહિત, ત્રિકષાય રહિત, શુદ્ધોપયોગીને–
અંતરંગ શુદ્ધોપયોગથી પોતે પોતાને અનુભવે. ૩/૫/૧

૧૪૯. ઈષ્ટાનિષ્ટ ના માનતા, રાગાદિને કરતા નથી;
હિંસાદિ બાહ્ય અશુપયોગનું અસ્તિત્વ રહ્યું નથી. ૩/૫/૨

૧૫૦. અંતરંગ દશા સહિત સૌમ્ય મુદ્રાધર દિગંબર થયા;
પ્રમત્ત-અપ્રમત્તના કાળમાં મૂળગુણ અઠ્ઠાવીસ ધર્યા. ૩/૫/૩

૧૫૧. તેઓ તથા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન કષાયના–
બે કષાય અભાવ, સમકિત સહિત શ્રાવક ખરા. ૩/૫/૪

૧૫૨. જે પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાનમાં વર્તી રહ્યાં;
તે જીવ '**મધ્યમ**' પ્રકારના અંતરાતમા જાણવા. ૩/૫/૫

૧૫૩. સમકિત વિણ ના ધરમની શરૂઆત કદીએ થાય છે;
નિશ્ચય સમકિત નથી તે જીવ '**બહિરાતમ**' ખરે. ૩/૫/૬

૧૫૪. પરમાતમા પ્રકાર બે, એક '**સકલ**', બીજો '**નિકલ**' છે;
પરમાતમા અરિહંત તે '**સકલ**' પરમાતમ ખરે. ૩/૫/૭

૧૫૫. પરમાતમા જે સિદ્ધ તે પરમાતમા 'નિકલ' ખરે;
તે સકલ કે હો નિકલ બન્ને સર્વજ્ઞ પરમાતમ છે. ૩/૫/૮

૧૫૬. તે લોક-અલોક સહિત ત્રિકાળ સર્વ પદાર્થના–
સ્વરૂપ સંપૂરણ, સમય એકમાં યુગપતે જે જાણતા. ૩/૫/૯

૧૫૭. સ્વરૂપ સંપૂરણ, સમય એકમાં યુગપતે જે દેખતા;
તે સર્વના જ્ઞાતા, વળી તે સર્વના દૃષ્ટા ખરા. ૩/૫/૧૦

૧૫૮. તે ઉપરથી નક્કી થતું જ્ઞાન સર્વજ્ઞનું વ્યવસ્થિત છે;
તે જ્ઞાનના જ્ઞેયો, સરવ દ્રવ્ય છ પ્રકાર જે– ૩/૫/૧૧

૧૫૯. ત્રિકાળની પર્યાય બધી ક્રમબદ્ધ જે વ્યવસ્થિત છે;
આડી-અવળી ના થાય તે, એમ સમકિતી માનશે. ૩/૫/૧૨

૧૬૦. ના માનતો તેને સ્વ-પર પદાર્થનો નિશ્ચય નથી;
બુદ્ધિ કર્તા કે એકતાની, તે જીવ બહિરાતમ નક્કી. ૩/૫/૧૩

**જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મમલ–વર્જિત સિદ્ધ મહંતા,**
**તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગૈં શર્મ અનંતા;**
**બહિરાતમતા હેય જાનિ તજિ, અન્તર-આતમ હૂજૈ,**
**પરમાતમ કો ધ્યાય નિરંતર, જો નિત આનંદ પૂજૈ. ૬.**

૧૬૧. ઔદારિક આદિ શરીર રહિત શુદ્ધ જ્ઞાનમય જે;
કર્મ સકલ રહિત, નિર્દોષ નિકલ પરમાતમ છે. ૩/૬/૧

૧૬૧. સિદ્ધ પરમાતમ સદા અક્ષય અનંતકાળ અહો!–
સુખ અનંત જે સાંપડ્યું, અનુભવ કરે છે તેહનો. ૩/૬/૨

૧૬૩. આ ત્રણમાં બહિરાતમપણું મિથ્યાત્વ સહ તે જાણજો;
તે છોડીને અંતરાતમ બની પરમાતમને પ્રાપ્ત કરો. ૩/૬/૩

૧૬૪. સમકિતની પ્રાપ્તિ થતાં અંતરાતમા સંપૂર્ણ અને–
આનંદ અનંતો જ્યાં સદા તે મોક્ષને પ્રાપ્ત કરે. ૩/૬/૪

૧૬૫. જે ચેતનાથી રહિત છે અજીવ તે કહેવાય છે;
પુદ્‌ગલ, ધરમ, અધર્મ, આકાશ કાળ ભેદ પાંચ છે. ૩/૬/૫

**ચેતનતા બિન સો અજીવ હૈ, પંચ ભેદ તાકે હૈં,**
**પુદ્‌ગલ પંચ વરન-રસ, ગંધ-દો, ફરસ વસુ જાકે હૈં;**

**જિય-પુદ્‌ગલ કો ચલન-સહાઈ, ધર્મદ્રવ્ય અનરૂપી,**
**તિષ્ઠત હોય અધર્મ સહાઈ, જિન બિન-મૂર્તિ નિરૂપી. ૭.**

૧૬૬. રૂપ, રસ, ગંધ વર્ણ ને સ્પર્શ ગુણ તે પુદ્‌ગલ છે;
જીવ પુદ્‌ગલને ચાલવામાં નિમિત્ત કારણ 'ધરમ' છે. ૩/૭/૧

૧૬૭. સ્વયંગતિ પૂર્વ સ્થિર જીવ-પુદ્‌ગલને સ્થિર થવા–
જે નિમિત્ત કારણ હોય તે 'અધર્મ' દ્રવ્ય કહેવાય છે. ૩/૭/૨

૧૬૮. આ ધર્મ–અધર્મ વળી આકાશ ને જે કાળ છે;
જિનદેવ તેને ઈન્દ્રિ અગોચર કે અમૂર્તિક કહે. ૩/૭/૩

**સકલ દ્રવ્ય કો વાસ જાસ મેં, સો આકાશ પિછાનો,**
**નિયત વર્તના, નિશિ-દિન સો, વ્યવહારકાલ પરિમાનો;**
**યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા,**
**મિથ્યા અવિરત અરુ કષાય, પરમાદ સહિત ઉપયોગા. ૮.**

૧૬૯. દ્રવ્ય છનું નિવાસ તે દ્રવ્ય ખરે 'આકાશ' છે;
પલટે સ્વયં, ને પલટવામાં દ્રવ્ય અન્યને છે નિમિત્ત જે. ૩/૮/૧

૧૭૦. જે દ્રવ્યને કહે 'કાળ' નિશ્ચય કાળ તેને જાણજો;
ને રાત, દિવસ, કલાક આદિ 'કાળ વ્યવહાર' ગણો. ૩/૮/૨

૧૭૧. એ રીત તત્ત્વ અજીવનું વિસ્તારથી વર્ણન થયું;
આસ્રવ છે જે તત્ત્વ તેનું હવે વર્ણન કહ્યું. ૩/૮/૩

૧૭૨. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ ને કષાય, યોગ ભેદ પાંચથી;
આસ્રવ વળી બંધ તેહના છે ભેદ, તે જાણો અહીં. ૩/૮/૪

૧૭૩. મિથ્યાત્વ ને રાગાદિરૂપ પરિણામ તે 'ભાવાસ્રવ' છે;
તે મલિન ભાવે જે સ્નિગ્ધતા તેને 'ભાવ બંધ' કહે. ૩/૮/૫

**યે હી આતમ કો દુખ કારણ, તાતૈં ઇન કો તજિયે,**
**જીવ પ્રદેશ બંધૈ વિધિ સોં સો, બંધન કબહું ન સજિયે;**
**શમ-દમ તૈં જો કર્મ ન આવૈ, સો સંવર આદરિયે,**
**તપ-બલ તૈં વિધિ-ઝરન નિરજરા, તાહિ સદા આચરિયે. ૯.**

૧૭૪. મિથ્યાત્વાદિ કારણ દુ:ખનું, પર પદાર્થ ના કારણ છે;
નિજ દોષરૂપ મિથ્યાભાવનો અભાવ કરવો જોઈએ. ૩/૯/૧

૧૭૫. સ્પર્શ સહ પુદ્‌ગલતણો, રાગાદિ સહ બંધ જીવનો–
અન્યોન્ય અવગાહ તે પુદ્‌ગલ–જીવાત્મક બંધ કહ્યો. ૩/૯/૨

૧૭૬. મિથ્યાત્વ, ક્રોધાદિ ભાવ સામાન્યપણે કષાય છે;
એવા કષાયનો અભાવ તે **'શમ'**ભાવ કહેવાય છે. ૩/૯/૩

૧૭૭. ને **'દમ'** છે તેને કહે જે જ્ઞેય જ્ઞાયક સંકર દોષને–
ટાળી, ઈન્દ્રિય જીતીને જે જ્ઞાન સ્વભાવ વડે– ૩/૯/૪

૧૭૮. દ્રવ્ય અન્યથી અધિક નિજ આત્મને જાણતા;
નિશ્ચયનયે સ્થિત સાધુ તે જિતેન્દ્રિય જાણવા. ૩/૯/૫

૧૭૯. સ્વભાવના, પરભાવના ભેદજ્ઞાનના બળ થકી–
દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો થકી– ૩/૯/૬

૧૮૦. આતમ સ્વરૂપ તે ભિન્ન છે એમ જે ખરે જાણતો;
તેનું જ નામ નિશ્ચયથી **'દમન'** ખરેખર જાણજો. ૩/૯/૭

૧૮૧. આહાર આદિ તથા ઈન્દ્રિય પાંચના વિષયરૂપે–
બાહ્ય વસ્તુના ત્યાગરૂપી જે કોઈ મંદ કષાય છે. ૩/૯/૮

૧૮૨. તેનાથી ખરેખર તો કદી ઈન્દ્રિય દમન ના થાય છે;
શુભરાગ જે પુણ્યભાવ તે છે બંધનું કારણ ખરે. ૩/૯/૯

૧૮૩. શુદ્ધાત્માને આશ્રિત જે સમ્યગ્દર્શન–જ્ઞાન અને–
સમ્યગ્જ્ઞાનચારિત્રરૂપ હોય જે શુદ્ધ ભાવ તે જ **'સંવર'** છે. ૩/૯/૧૦

૧૮૪. નિશ્ચય સમ્યગ્દર્શને પ્રથમ સ્વદ્રવ્ય આલંબનને–
અનુસાર ત્યાં **'સંવર'** તથા **'નિર્જરા'** શરૂ થાય છે. ૩/૯/૧૧

૧૮૫. ક્રમે પછી અંશ જેટલા રાગનો અભાવ થાય છે;
અંશ તેટલા સંવર તથા નિર્જરારૂપી ધરમ બને. ૩/૯/૧૨

૧૮૬. સ્વસન્મુખતાના બળ થકી શુભાશુભ ઈચ્છા નિરોધ તે–
તપ છે ખરે, તે તપ થકી **'નિર્જરા'** (નિશ્ચય) થાય છે. ૩/૯/૧૩

૧૮૭. પુણ્ય તથા પાપરૂપ જે અશુદ્ધ ભાવને આત્માતણા–
શુદ્ધ ભાવ દ્વારા રોકવા તે **'ભાવ સંવર'** છે કહ્યા. ૩/૯/૧૪

૧૮૮. ને તે અનુસારી નવા કર્મતણું ત્યાં આવવું–
સ્વયં સ્વતઃ રોકાઈ જવું તે **'દ્રવ્યસંવર'** જાણવું. ૩/૯/૧૫

૧૮૯. શુદ્ધાત્મ લક્ષના બળ થકી શુદ્ધિ વૃદ્ધિ અંશે થવી–
અશુદ્ધિની આંશિક હાનિ તેને **'ભાવ નિર્જરા'** છે કહી. ૩/૯/૧૬
૧૯૦. ને તે સમે જે ખરવા યોગ્ય છે તે કર્મોતણું–
અંશે છૂટી જવું તેને **'દ્રવ્યનિર્જરા'** છે કહ્યું. ૩/૯/૧૭
૧૯૧. જીવ-અજીવને સ્વરૂપ સહ સ્વપર જેમ તેમ જ માનવા;
આસ્રવની ઓળખ કરી હેયરૂપ તેને માનવા. ૩/૯/૧૮.
૧૯૨. ને બંધની ઓળખ કરી અહિતરૂપ તેને માનવો;
સંવર ઉપાદેય માની, હિત કારણ નિર્જરા ગણો. ૩/૯૧૯
૧૯૩. કો નાવમાં જ્યમ છિદ્રથી પાણીતણી આવક થતીં; (ફૂટનોટ)
મિથ્યાત્વાદિ આસ્રવથી કર્મની જીવમાં આવક થતી. ૩/૯/૨૦
૧૯૪. છિદ્રો થકી તે નાવમાં જ્યમ પાણી ભરાઈ જાય છે; (ફૂટનોટ)
પરમાણુ કરમના તે રીતે એક ક્ષેત્ર ભેગા થાય છે. ૩/૯/૨૧
૧૯૫. તે છિદ્રને જ્યમ રોકતા પાણી આવવું રોકાય છે; (ફૂટનોટ)
શુદ્ધ ભાવ ગુપ્તિ આદિથી કરમ આવતા રોકાય છે. ૩/૯/૨૨
૧૯૬. જે રીત થોડા પાણીને નાવમાંથી બહાર ફેંકાય છે; (ફૂટનોટ)
નિર્જરા થકી કર્મો બધાં દૂરે થતાં મુક્તિ થાય છે. ૩/૯/૨૩
૧૯૭. પાણી બધું કાઢી પછી તે નાવ ખાલી થાય છે; (ફૂટનોટ)
આત્મા થકી કર્મો બધાં દૂર થતાં મુક્તિ થાય છે. ૩/૯/૨૪

**સકલ કર્મ તૈં રહિત અવસ્થા, સો શિવ, થિર સુખકારી,**
**ઇહિવિધ જો સરધા તત્ત્વન કી, સો સમકિત વ્યવહારી;**
**દેવ જિનેન્દ્ર, ગુરુ પરિગ્રહ બિન, ધર્મ દયાજુત સારો,**
**યેહુ માન સમકિત કો કારણ, અષ્ટ-અંગ-જુત ધારો. ૧૦.**

૧૯૮. મોક્ષ સ્વરૂપને ઓળખી નિજ પરમ હિત તેને માનવું;
આઠ કરમ નાશ સર્વથા, પૂરણ શુદ્ધ અવસ્થાનું પ્રગટવું. ૩/૧૦/૧
૧૯૯. તે 'મોક્ષ' છે અવિનાશી ને અનંત સુખમય ખરે;
સામાન્ય–વિશેષરૂપી તત્ત્વ સાતની શ્રદ્ધા કરે– ૩/૧૦/૨
૨૦૦. વ્યવહાર તે સમકિત છે, દેવ જિનેન્દ્ર, વીતરાગી ગુરુ–
જિનેન્દ્ર પ્રણીત ધરમ અહિંસા, વ્યવહાર સમકિત કારણ ખરું. ૩/૧૦/૩
૨૦૧. શ્રદ્ધાન યથાર્થ ત્રણનું વ્યવહાર સમકિત કહેવાય છે;
તેને અંગો આઠ સહિત ધારણ કરવું જોઈએ. ૩/૧૦/૪

૨૦૨. સ્વરૂપ સમકિત વ્યવહારનું આગળ સમજાવેલ છે;
નિશ્ચય વિના વ્યવહાર, સમકિત વ્યવહાર ના કહેવાય છે. ૩/૧૦/૫

**વસુ મદ ટારિ, નિવારિ ત્રિશઠતા, ષટ્ અનાયતન ત્યાગો,**
**શંકાદિક વસુ દોષ વિના, સંવેગાદિક ચિત પાગો;**
**અષ્ટ અંગ અરુ દોષ પચીસોં, તિન સંક્ષેપૈ કહિયે,**
**બિન જાને તૈં દોષગુનન કો, કૈસે તજિયે ગહિયે. ૧૧.**

૨૦૩. મદ આઠ ને ત્રણ મૂઢતા, છ અનાયતન, શંકાદિના–
છે દોષ આઠ તે રીતે દોષ પચ્ચીસ સમ્યક્ત્વના. ૩/૧૧/૧

૨૦૪. સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય, પ્રશમ જે–
સમ્યગ્દષ્ટિને હોય છે, સમકિત અભિલાષી જીવે– ૩/૧૧/૨

૨૦૫. એ દોષ પચ્ચીસ જે પૂર્વે કહ્યા સમકિતના તે ત્યાગીને;
તે ભાવનાઓ મહીં મનને લગાવવું જોઈએ. ૩/૧૧/૩

૨૦૬. સમકિતના ગુણ આઠ કે અંગ આઠ વળી દોષ જે–
પચ્ચીસનું સંક્ષેપમાં વર્ણન હવે કહેવાય છે. ૩/૧૧/૪

૨૦૭. જાણ્યા વગર, સમજ્યા વગર ના દોષ છોડી શકાય છે;
ને ગુણને વળી શી રીતે ગ્રહણ કરી શકાય છે? ૩/૧૧/૫

**જિનવચ મેં શંકા ન ધાર વૃષ-ભવસુખ-વાંછા ભાનૈ,**
**મુનિ-તન મલિન ન દેખ ઘિનાવૈ, તત્ત્વ-કુતત્ત્વ પિછાનૈં;**
**નિજ ગુણ અરુ પર ઔગુણ ઢાંકે, વા નિજધર્મ બઢાવૈ,**
**કામાદિક કર વૃષતૈં ચિગતે, નિજ-પર કો સુ દિઢાવૈ. ૧૨.**

૨૦૮. છે તત્ત્વ આ આમ, ના બીજું, ન અન્ય પ્રકાર છે;
શ્રદ્ધા અટલ જે તત્ત્વમાં તે '**નિશંકિત**' અંગ કહેવાય છે. ૩/૧૨/૧

૨૦૯. અવ્રતી સમકિતી ભોગને આદરવા યોગ્ય ના માનશે;
જે રીત કેદી કેદખાને, ઈચ્છા વિના દુઃખ સહન કરે. ૩/૧૨/૨

૨૧૦. તે રીત પુરુષાર્થ નબળાઈથી ગૃહસ્થપદમાં રહે;
રુચિપૂર્વક તેઓ કદી ના ભોગની ઈચ્છા કરે. ૩/૧૨/૩

૨૧૧. ને તેથી તેને '**નિઃશંકિત**' તથા '**નિઃકાંક્ષિત**' છે અંગ જે–
તે હોવા મહીં કદી કોઈ વાંધો ના આવશે. ૩/૧૨/૪

૨૧૨. ધર્મ સેવન બદલા મહીં સંસાર સુખ ઈચ્છા ખરે–
જે ના કરે તેને અંગ તે '**નિઃકાંક્ષિત**' કહેવાય છે. ૩/૧૨/૫

૨૧૩. મુનિરાજ કે ધર્માત્માના શરીર મેલા દેખીને;
ઘૃણા કરે ના, તેહને '**નિર્વિચિકિત્સા**' કહેવાય છે. ૩/૧૨/૬

૨૧૪. સત્ય–જૂઠ પરીક્ષા કરી, મૂઢતા–અનાયતનો મહીં–
જે ફસાય ના, છે તેહને '**અમૂઢદૃષ્ટિ**' અંગ સહી. ૩/૧૨/૭

૨૧૫. નિજ પ્રશંસાના ગુણો, નિંદા કરનાર દોષને ઢાંકવો;
આતમ ધરમ વૃદ્ધિ થવી, '**ઉપગૂહન**' અંગ જાણજો. ૩/૧૨/૮

૨૧૬. ઉપગૂહન નામ તેનું '**ઉપબૃંહણ**' જિનાગમ કહ્યું;
આતમ ધરમ વૃદ્ધિ થવી '**ઉપગૂહન**' તેને જાણવું. ૩/૧૨/૯

૨૧૭. ક્રોધાદિકને કારણે ભ્રષ્ટ થતા નિજ-પરને ફરી–
સ્થિર કરે જે આત્મને '**સ્થિતિકરણ**' અંગ સહી.૩/૧૨/૧૦

૨૧૮. વાછરું સહ ગાય જ્યમ નિરપેક્ષ પ્રેમ રાખતો;
સહધર્મી પ્રાણી સાથ ત્યમ જે પ્રેમ તે '**વાત્સલ્ય**' છે.૩/૧૨/૧૧

૨૧૯. અજ્ઞાન અંધકાર હઠાવીને, વિદ્યા–બળ વગેરે થકી–
શાસ્ત્ર કહેલ રીત યથાયોગ્ય પ્રમાણ થકી– ૩/૧૨/૧૨

૨૨૦. નિજ સામર્થ્ય પ્રમાણ જિનધર્મ ઉત્તમ તેહના–
પ્રભાવને પ્રગટ કરવો '**પ્રભાવના**' અંગ ગણાય છે. ૩/૧૨/૧૩

૨૨૧. આ ગુણથી ઉલટા શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને–
મૂઢદૃષ્ટિ, અનુપગૂહન ને અસ્થિતિકરણ, અવાત્સલ્ય ને– ૩/૧૨/૧૪

૨૨૨. અપ્રભાવના જે આઠ છે, સમ્યક્ત્વના તે દોષ છે;
તેને હંમેશા સમકિતીએ દૂર કરવા જોઈએ.૩/૧૨/૧૫

**ધર્મી સોં ગૌ-વચ્છ-પ્રીતિ સમ, કર જિનધર્મ દિપાવૈ,**
**ઇન ગુણતૈં વિપરીત દોષ વસુ, તિન કોં સતત ખિપાવૈ;**
**પિતા ભૂપ વા માતુલ નૃપ જો, હોય ન તો મદ ઠાનૈ,**
**મદ ન રૂપ કૌ, મદ ન જ્ઞાન કૌ, ધન-બલ કૌ મદ ભાનૈ. ૧૩.**

૨૨૩. ગોત્ર પિતાને '**કુળ**' કરે, માતૃગોત્રને '**જાતિ**' કહે;
પિતૃપક્ષ પ્રતાપનું અભિમાન તે '**કુળમદ**' છે. ૩/૧૩/૧

૨૨૪. મામા વગેરે માતૃપક્ષે રાજા વગેરે પ્રતાપી છે–
તે વ્યક્તિનું અભિમાન તે '**મદ જાતિનો**' કહેવાય છે. ૩/૧૩/૨

૨૨૫. શરીર સુંદરતા તણો જે ગર્વ તે 'રૂપમદ' ખરે;
વિદ્યાતણું, કૌશલ્યનું અભિમાન 'જ્ઞાનમદ' કહે. ૩/૧૩/૩

૨૨૬. ધન-દૌલતે ગર્વ થવો તે 'ધનનો મદ' કહેવાય છે;
ને શરીરની તાકાતનું અભિમાન તે 'બલમદ' ખરે. ૩/૧૩/૪

૨૨૭. વ્રત, ઉપવાસ, તપનો ગર્વ તે ધનતણો મદ ગણાય છે;
મોટાઈને આજ્ઞાતણું અભિમાન 'પ્રભુતામદ' કહે. ૩/૧૩/૫

૨૨૮. બે જાતિ, ત્રીજું રૂપ, ચોથું અજ્ઞાન, ધન, બલ અને
તપ સાતમું, પ્રભુતા એ રીત 'મદ આઠ' ગણાય છે. ૩/૧૩/૬

૨૨૯. જે જીવ ગર્વ આઠનો ના કરે, આત્મપ્રતીતિ તે કરે;
ગર્વ કરે તો દોષ એ સમકિતને દૂષિત કરે. ૩/૧૩/૭

**તપ કૌ મદ ન, મદ જુ પ્રભુતા કૌ કરૈ ન, સો નિજ જાનૈ,**
**મદ ધારૈ તો યહી દોષ વસુ, સમકિત કૌ મલ ઠાનૈ;**
**કુગુરુ-કુદેવ-કુવૃષસેવક કી, નહિં પ્રશંસ ઉચરૈ હૈ,**
**જિનમુનિ જિનશ્રુત વિન કુગુરાદિક, તિન્હૈં ન નમન કરૈ હૈં. ૧૪.**

૨૩૦. કુગુરુ, કુદેવ, કુધર્મ ને સેવક એ ત્રણ તણાં-
'છ અનાયતન' ધરમ અસ્થાનના દોષો કહ્યાં. ૩/૧૪/૧

૨૩૧. ભક્તિ, વિનય, પૂજન વગેરે તો દૂર રહો અરે!
સમકિતદૃષ્ટિવંત જીવ તેની પ્રશંસા પણ ન કરે. ૩/૧૪/૨

૨૩૨. પ્રશંસા કરે જો તેહની સમકિતમાં દોષ લાગશે;
સમ્યગ્દૃષ્ટિવંત જિનેન્દ્ર, વીતરાગમુનિ, જિનવાણીને- ૩/૧૪/૩

૨૩૩. નમસ્કાર કરે, પણ કુદેવ-ગુરુ-શાસ્ત્રને કદી-
આશા, ભય, લોભ થકી નમસ્કાર કદી કરતા નથી. ૩/૧૪/૪

૨૩૪. નમસ્કાર જો તેને કરે સમકિત દૂષિત થાય છે;
એ ત્રણ તણી કરે સેવના તો 'મૂઢતા'નો દોષ બને. ૩/૧૪/૫

**દોષરહિત ગુણસહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,**
**ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં;**
**ગેહી પૈ ગૃહ મેં ન રચૈં, જ્યોં જલતૈં ભિન્ન કમલ હૈ,**
**નગરનારિ કો પ્યાર યથા, કાદે મેં હેમ અમલ હૈ. ૧૫.**

૨૩૫. દોષ પચ્ચીસ રહિત ને અંગ આઠ સહ સમકિત ધારતા-
અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના તીવ્ર ઉદયમાં- ૩/૧૫/૧

૨૩૬. તે વિવેકીને સંયમનો ભાવ તો લેશમાત્ર ખરે–
ના હોય છે, તોપણ ઈન્દ્રાદિ તેનો આદર કરે. ૩/૧૫/૨

૨૩૭. પાણી મહીં રહી છતાં પાણીથી કમળ અલિપ્ત રહે;
સમકિત ગૃહસ્થપણે લેપાય ના, નિર્મોહી રહે. ૩/૧૫/૩

૨૩૮. વેશ્યાતણો જે પ્રેમ તે પૈસા પરે, ના પુરુષ પ્રતિ;
સમકિતી પણ સમ્યક્ત્વમાં ના ગૃહે પ્રેમ કરે કદી. ૩/૧૫/૪

૨૩૯. સોનું પડ્યું કાદવ મહીં, નિર્મળ અને જુદું રહે;
ગૃહમાં સમકિતી રહે, ના રાચતો, ત્યાજ્ય ગણે. ૩/૧૫/૫

**પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ વાન ભવન ષંઢ નારી,**
**થાવર વિકલત્રય પશુ મેં નહિ, ઉપજત સમ્યક્ધારી;**
**તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન-સો સુખકારી,**
**સકલ ધરમકો મૂલ યહી, ઇસ બિન કરની દુખકારી. ૧૬.**

૨૪૦. સમકિતી મરણ થતાં ના જનમ બેથી સાતમી નરકે;
જ્યોતિષી ના, વ્યંતર નહીં, ભવનવાસી, નપુંસક ના બને. ૩/૧૬/૧

૨૪૧. ના સ્ત્રી સર્વ પ્રકારથી, એકથી ચતુરિન્દ્રિય જન્મે નહીં;
તે કર્મભૂમિતણાં પશુપણે પણ કદી જનમતા નથી. ૩/૧૬/૨

૨૪૨. તે નીચ કૂળવાળા તથા ઓછા અંગવાળા ના બને;
આલ્પાયુવાળા તે નહીં, દરિદ્રી પણ તે ના બને. ૩/૧૬/૩

૨૪૩. વિમાનવાસી દેવ ને ભોગભૂમિના માનવ બને;
તિર્યંચ ભોગભૂમિ બને, પણ કર્મભૂમિના ના બને. ૩/૧૬/૪

૨૪૪. નરકે કદાચ જાય તો પ્રથમ નરકે જાય છે;
ત્યાં નપુંસક તે થાય પણ નીચી નરકે ના જાય છે. ૩/૧૬/૫

૨૪૫. ત્રિલોક ને ત્રિકાળમાં સમકિતી જેવું સુખ ના ખરે;
સર્વ ધર્મનું તે મૂળ છે, તે સિવાય સહુ દુઃખદાયક છે. ૩/૧૬/૬

૨૪૬. સમકિત પહેલાં નરકની પર્યાય જો બાંધેલ છે;
આયુ પૂર્ણ થતાં નરકમાં ઉત્પન્ન ભલે તે થાય છે. ૩/૧૬/૭

૨૪૭. પણ સ્થિતિ તેની આયુની છે અલ્પ થઈ જાય ત્યાં–
શ્રેણિક જે રીત સાતમાંથી પ્રથમ નરક આયુ પામીયા. ૩/૧૬/૮

૨૪૮. સમકિત પહેલાં જીવ જો તિર્યંચ-મનુ આયુ બાંધતો;
તો ભોગભૂમિ જાય તે, પણ કર્મભૂમિમાં ના જતો. ૩/૧૬/૯

**મોક્ષમહલ કી પરથમ સીઢી, યા વિન જ્ઞાન-ચરિત્રા,**
**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા;**
**'દૌલ' સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ,**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ. ૧૭.**

૨૪૯. સમકિત આ મોક્ષરૂપી મહેલમાં પ્રથમ પગથીયું;
તેના વિના જે જ્ઞાન ને ચારિત્ર સમ્યક્ ના થતું. ૩/૧૭/૧

૨૫૦. સમકિત વિણ જે જ્ઞાન ને ચારિત્ર તે મિથ્યા જ છે;
સમ્યક્ જ્ઞાન વળી સમ્યક્ ચારિત્ર ના કહેવાય તે. ૩/૧૭/૨

૨૫૧. માટે જ જે આત્માતણાં હિતેચ્છુ છે તેમણે–
પવિત્ર આ સમકિતને ધારણ કરવું જોઈએ. ૩/૧૭/૩

૨૫૨. વિવેકી હે આતમા! સમકિત સ્વરૂપ જાતે સાંભળી–
જ્ઞાની અનુભવી પાસથી, પ્રાપ્ત કરવા સાવધાન જા બની. ૩/૧૭/૪

૨૫૩. ફોગટ જનમ ગુમાવ ના, આ જનમ જો પામ્યો નહીં;
મનુ પર્યાય આદિ યોગ ફરી–ફરી તો પ્રાપ્ત થતા નથી. ૩/૧૭/૫

❖ ✳ ❖

# ચોથી ઢાળ

## 卐 સમ્યગ્જ્ઞાન—ચારિત્રના ભેદ, શ્રાવકના વ્રત, ધર્મદુર્લભતા 卐

(દોહા)

**સમ્યક્ શ્રદ્ધા ધારિ પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;**
**સ્વ-પર અર્થ બહુધર્મજુત, જો પ્રગટાવન ભાન. ૧.**

૨૫૪. સમકિત સહિત સમ્યક્જ્ઞાન દૃઢ કરવું જરૂરી છે;
સૂર્ય પદાર્થને, નિજને તે જેમ–તેમ બતાવશે. ૪/૧/૧

૨૫૫. તે રીત અનેક ધર્મયુક્ત નિજને તથા પરપદાર્થને–
તે જેમ છે તેમ બતાવતો, '**સમ્યગ્જ્ઞાન**' તે કહેવાય છે. ૪/૧/૨

**સમ્યક્ સાથૈ જ્ઞાન હોય, પૈ ભિન્ન અરાધૌ,**
**લક્ષણ શ્રદ્ધા જાન, દુહૂ મેં ભેદ અબાધૌ;**
**સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ,**
**યુગપત્ હોતે હૂ, પ્રકાશ દીપક તૈં હોઈ. ૨.**

૨૫૬. સમ્યગ્દર્શન ને જ્ઞાન જોકે એક સાથ પ્રગટ થાય છે;
તોપણ બન્ને જુદા જુદા ગુણોતણાં પર્યાય છે. ૪/૨/૧

૨૫૭. '**સમ્યગ્દર્શન**' શ્રદ્ધા ગુણનો શુદ્ધ પર્યાય જાણવો;
'**સમ્યગ્જ્ઞાન**' ગુણ જ્ઞાનનો શુદ્ધ પર્યાય જાણવો. ૪/૨/૨

૨૫૮. વિપરીત અભિપ્રાય રહિત જે શ્રદ્ધાન તે સમકિત છે;
સંશયાદિ દોષો રહિત નિર્ણય જ્ઞાન સમ્યક્ છે. ૪/૨/૩

૨૫૯. લક્ષણ બેઉના ભિન્ન છે, નિમિત્ત કારણ એક છે;
જ્ઞાન નૈમિત્તિક–કાર્ય, કારણ-કાર્ય ભાવે ભિન્ન છે. ૪/૨/૪

૨૬૦. શ્રદ્ધાન–જ્ઞાન છે યુગપતે, કારણ–કાર્ય તો શાને કહો?
'એ હોય તો એ હોય' તે અપેક્ષાથી કારણ-કાર્ય કહો. ૪/૨/૫

૨૬૧. દીપક–પ્રકાશ યુગપત હોય, દીપક હોય તો પ્રકાશ છે;
દીપક–પ્રકાશની જેમ જ્ઞાન શ્રદ્ધાન કારણ–કાર્ય છે. ૪/૨/૬

૨૬૨. સમ્યગ્દર્શન ના હોય તો જ્ઞાન સમ્યક્ ના હોય છે;
તેથી જ સમ્યગ્દર્શન તે સમ્યગ્જ્ઞાનનું કારણ ખરે. ૪/૨/૭

**તાસ ભેદ દો હૈં, પરોક્ષ પરતછ તિન માંહીં,**
**મતિ-શ્રુત દોય પરોક્ષ, અક્ષ-મન તૈં ઉપજાહીં;**
**અવધિજ્ઞાન મનપર્જય દો હૈં દેશ-પ્રતચ્છા,**
**દ્રવ્ય-ક્ષેત્ર-પરિમાણ લિયે જાનૈ જિય સ્વચ્છા. ૩.**

૨૬૩. બે ભેદ સમ્યગ્જ્ઞાનના પ્રત્યક્ષ ને પરોક્ષ છે;
મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન તે '**પરોક્ષ**' જ્ઞાન કહેવાય છે. ૪/૩/૧

૨૬૪. તે જ્ઞાન બન્ને ઈન્દ્રિયોને મનના નિમિત્ત વડે–
જે જાણતા, અસ્પષ્ટરૂપ તે જાણવું ગણાય છે. ૪/૩/૨

૨૬૫. સમ્યગ્મતિ–શ્રુત જ્ઞાન સ્વાનુભવકાળે પ્રત્યક્ષ છે;
ઈન્દ્રિય ને મન તે મહીં નિમિત્ત ત્યાં ના હોય છે. ૪/૩/૩

૨૬૬. જ્ઞાન અવધિ,મનઃપર્યય જ્ઞાન, 'દેશપ્રત્યક્ષ' છે;
દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી રૂપીને સ્પષ્ટ કરે. ૪/૩/૪

**સકલ દ્રવ્ય કે ગુન અનંત, પરજાય અનંતા,**
**જાનૈ એકૈ કાલ, પ્રગટ કેવલિ ભગવન્તા;**
**જ્ઞાન સમાન ન આન જગત મેં સુખકો કારન,**
**ઇહિ પરમામૃત જન્મજરામૃતિરોગ-નિવારન. ૪.**

૨૬૭. જે જ્ઞાન ત્રિકાળ–ત્રિલોકવર્તી સર્વ પદાર્થને–
અનંત ધર્માત્મ સર્વ તે દ્રવ્ય-ગુણ ને પર્યાયને– ૪/૪/૧

૨૬૮. પ્રત્યેક સમય યથાસ્થિત પરિપૂર્ણરૂપ સ્પષ્ટ અને–
જે જાણતા એક સાથ તે, કેવળજ્ઞાન **'સકલ પ્રત્યક્ષ'** છે. ૪/૪/૨

૨૬૯. દ્રવ્ય-ગુણ ને પર્યાયને ભગવાન કેવળી જાણતા;
અપેક્ષિત ધર્મ ના જાણી શકે–અસત્ય છે એ માન્યતા. ૪/૪/૩

૨૭૦. અનંતને, નિજ આત્મને જાણે–ન જાણે સર્વને;
એ માનવું પણ ખરેખર ન્યાય વિરુદ્ધ ખરે. ૪/૪/૪

૨૭૧. જે કેવળી ભગવાન સર્વજ્ઞ તે અનેકાંત સ્વરૂપી–
પ્રત્યેક વસ્તુને ખરે પ્રત્યક્ષરૂપ છે જાણતા. ૪/૪/૫

૨૭૨. સંસારમાં સમ્યગ્જ્ઞાન સમ સુખદાયક વસ્તુ ના ખરે;
જન્મ-જરા-મૃત્યુ ત્રિરોગ કરવા નાશ અમૃત સમ ખરે. ૪/૪/૬

**કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,**
**જ્ઞાની કે છિનમેં, ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે;**
**મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ,**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ. ૫.**

૨૭૩. મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન વિણ જન્મ-ભવો કરોડો ભલે–
બાળતપરૂપ ઉદ્યમ કરી જેટલા કરમનો નાશ કરે– ૪/૫/૧

૨૭૪. કર્મ તેટલાંનો નાશ જ્ઞાની સન્મુખ જ્ઞાતાપણે–
સ્વરૂપ ગુપ્તિથી ક્ષણ માત્રમાં સહેજે કરી નાખશે. ૪/૫/૨

૨૭૫. આ જીવ મુનિ મહાવ્રત ધારી તેના પ્રભાવે ગયો–
ગ્રૈવેયક નવ વિમાનમાં, વાર અનંત ત્યાં ઉત્પન્ન થયો. ૪/૫/૩

૨૭૬. પણ ભેદજ્ઞાન થયા વિના, સ્વાનુભવ જ્ઞાન ના થયું–
તે જીવને ત્યાં પણ અરે! સુખ લેશ ના પ્રાપ્ત થયું. ૪/૫/૪

**તાતૈં જિનવર-કથિત તત્ત્વ અભ્યાસ કરીજે,**
**સંશય-વિભ્રમ-મોહ ત્યાગ, આપો લખ લીજે;**
**યહ માનુષપર્યાય, સુકુલ, સુનિવૌ જિનવાની,**
**ઇહવિધિ ગયે ન મિલે, સુમણિ જ્યોં ઉદધિ સમાની. ૬.**

૨૭૭. આત્મા અને પરવસ્તુના પ્રાપ્ત થવા ભેદજ્ઞાનને–
જિનદેવ કહ્યા તત્ત્વનું પઠન-પાઠન જરૂરી છે. ૪/૬/૧

૨૭૮. સંશય, વિપર્યય, અનધ્યવસાય, સમ્યગ્જ્ઞાનના ત્રિદોષને–
દૂરે કરી આત્માતણાં સ્વરૂપને જાણવું જરૂરી છે. ૪/૬/૨

૨૭૯. જે રીત સમુદ્ર ડૂબેલ અમૂલ રતન ના હાથ ફરી પડે;
તે રીત માનવ શરીર ને ઉત્તમ શ્રાવક કુળ અને– ૪/૬/૩

૨૮૦. જિનવચનનું શ્રવણ આદિ સુયોગ જો વીતી જશે–
પાછો ફરી સુયોગ તે પ્રાપ્ત ના છે થઈ શકે. ૪/૬/૪

૨૮૧. અપૂર્વ આ અવસર ના ગુમાવી, સ્વરૂપને–
ઓળખી કરી, માનવ જનમ સફળ કરવો જોઈએ. ૪/૬/૫

**ધન સમાજ ગજ બાજ, રાજ તો કાજ ન આવૈ,**
**જ્ઞાન આપ કો રૂપ ભયે, ફિર અચલ રહાવૈ;**
**તાસ જ્ઞાન કો કારન, સ્વ-પર વિવેક બખાનૌ,**
**કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ. ૭.**

૨૮૨. ધન, કુટુંબ, હાથી, નોકર, રાજ્યાદિ સહાયક ના બને;
પણ જ્ઞાન જે સમ્યક્ તે આત્માતણું સ્વરૂપ છે. ૪/૭/૧

૨૮૩. પ્રાપ્ત થતાં એકવાર તે અક્ષય છે થઈ જાય તે;
ના નાશને પામે કદી, તે અચળ એકરૂપે રહે. ૪/૭/૨

૨૮૪. આત્મા અને પરવસ્તુતણું જે ભેદવિજ્ઞાન તે જ ખરે–
સમ્યગ્જ્ઞાનનું કારણ તેથી આત્મહિતેચ્છુ જે જીવ તે– ૪/૭/૩

૨૮૫. ઉપાય કરી કરોડો ભલે પણ આ ભેદવિજ્ઞાન વડે–
સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું એજ ખરું કર્તવ્ય છે. ૪/૭/૪

**જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં,**
**સો સબ મહિમા જ્ઞાન-તની, મુનિનાથ કહૈં હૈં;**
**વિષય-ચાહ દવ-દાહ, જગત-જન-અરનિ દઝાવૈ,**
**તાસ ઉપાય ન આન, જ્ઞાન-ઘનઘાન બુઝાવૈ. ૮.**

૨૮૬. ભૂત, ભાવિ, વર્તમાન ત્રિકાળ જીવો મોક્ષે જાય છે;
ભાવિ જશે, જે જાય છે સમ્યગ્જ્ઞાનનો પ્રભાવ તે. ૪/૮/૧

૨૮૭. જે રીત દાવાનળે ભસ્મ સઘળું થઈ જાય છે;
પંચેન્દ્રિય વિષય ઈચ્છા સંસારીને પણ બાળશે. ૪/૮/૨

૨૮૮. વરસાદ ધોધમાર થતાં દાવાનળ બૂઝાઈ જશે;
સમ્યગ્જ્ઞાન પણ વિષયતણી ઈચ્છાને નષ્ટ કરી શકે. ૪/૮/૩

**પુણ્ય–પાપ ફલમાહિં, હરખ-વિલખૌ મત ભાઈ,**
**યહ પુદ્‌ગલ-પરજાય ઉપજિ વિનસૈ ફિર થાઈ;**
**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ,**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ. ૯.**

૨૮૯. આત્મ હિતેષીનું કર્તવ્ય કે ધન, ઘર, દુકાન, કીર્તિને–
નીરોગ શરીરાદિ બધાં પુણ્યતણાં ફળ ગણાય છે. ૪/૯/૧

૨૯૦. તેનાથી નિજને લાભ, વિયોગથી નુકશાન ના જરા;
જે પર પદાર્થ તે ભિન્ન સદા, જ્ઞેયમાત્ર જ જાણવા. ૪/૯/૨

૨૯૧. અનુકૂળ–પ્રતિકૂળ ઈષ્ટ-અનિષ્ટ માનવા તે ભૂલ છે;
પુણ્ય વળી પાપ ફળમાં હર્ષ વા શોક કરવો ના ઘટે. ૪/૯/૩

૨૯૨. કો પર પદાર્થ બૂરા–ભલા જો માને તો તેના પ્રતિ–
રાગાદિ ને મમત્વ તે થયા વિના રહેતા નથી. ૪/૯/૪

૨૯૩. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને હિત-અહિતકર જે માનતા;
અનંત તે પદાર્થને રાગાદિ કરવા જેવા માનતા. ૪/૯/૫

૨૯૪. સુખ-દુઃખનું કારણ તે પર પદાર્થ અનંતને માનશે;
છે એમ જે માનવું તે ભૂલ તેને છોડીને– ૪/૯/૬

૨૯૫. જ્ઞાનાનંદ નિજ સ્વરૂપનો નિર્ણય કરી સ્વસન્મુખ જે–
જ્ઞાતા રહે તેજ ખરે સુખી થવાનો ઉપાય છે. ૪/૯/૭

૨૯૬. પુણ્ય-પાપનો જે બંધ તે પુદ્‌ગલતણી પર્યાય છે;
જેના ઉદય સંયોગ જે તે પણ ક્ષણિક સંયોગપણે– ૪/૯/૮

૨૯૭. આવે અને તે જાય છે, તે કાળ જેટલો નજદિક રહે;
તે તેટલા કાળ સુધી સુખ-દુઃખને ના આપી શકે. ૪/૯/૯

૨૯૮. ઉપદેશનો છે સાર એ શુભાશુભ ભાવ તે સંસાર છે;
તેની રુચિને છોડીને સ્વસન્મુખ સત્વર બને. ૪/૯/૧૦

૨૯૯. નિશ્ચય સમકિત-જ્ઞાનસહ નિજ આત્મસ્વરૂપ જે–
એકાગ્ર–લીન થવું તહીં, તે જીવને કરવા યોગ્ય છે. ૪/૯/૧૧

**સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત લીજૈ,**
**એકદેશ અરુ સકલદેશ, તસુ ભેદ કહીજૈ;**
**ત્રસહિંસા કો ત્યાગ, વૃથા થાવર ન સઁહારૈ,**
**પર-વધકાર કઠોર નિંદ્ય નહિં વચન ઉચારૈ. ૧૦.**

૩૦૦. જ્ઞાન સમ્યક્ પ્રાપ્ત કરી ચારિત્ર સમ્યક્ પ્રગટાવવું–
તે એકદેશ, સર્વદેશ બે પ્રકારથી છે વર્ણવ્યું. ૪/૧૦/૧

૩૦૧. અણુ, દેશ કે સ્થૂળ 'એકદેશ', મહા, સૂક્ષ્મ 'સકલ' કહે;
ત્યાં પ્રથમ મુનિરાજને, બીજું શ્રાવકને હોય છે. ૪/૧૦/૨

૩૦૨. આ ચોથી ઢાળમાં અહીં દેશ ચારિત્ર વર્ણવેલ છે;
ચારિત્ર સકલનું વર્ણન ઢાળ છઠ્ઠીમાં કરેલ છે. ૪/૧૦/૩

૩૦૩. ત્રસ જીવ હિંસા સંકલ્પીનો સર્વથા ત્યાગી, નિસ્પ્રયોજને–
સ્થાવર ઘાત કરવો નહીં, **'અહિંસા'** અણુવ્રત તે જાણજે. ૪/૧૦/૪

૩૦૪. પ્રાણ અન્ય ઘાતક, કઠોર ને નિંદનીય વચન ના બોલવું–
ના અન્ય પાસ બોલાવવા, **'સત્ય'** અણુવ્રત તે જાણવું. ૪/૧૦/૫

૩૦૫. અહિંસા અણુવ્રત ધર– 'આ જીવ હણવા યોગ્ય છે' (ફૂટનોટ)
'આ જીવને હું મારું છું' એ રીત ઈરાદાપૂર્વક તે– ૪/૧૦/૬

૩૦૬. ના કો ત્રસ જીવો તણી સંકલ્પી હિંસા કરતો કદી; (ફૂટનોટ)
આરંભી, ઉદ્યોગિની, હિંસા વિરોધિનીનો ત્યાગી નથી. ૪/૧૦/૭

૩૦૭. પ્રમાદ ને કષાય જોડાવાથી જ્યાં પ્રાણઘાત છે; (ફૂટનોટ)
ત્યાં તો જ હિંસા દોષ લાગુ પાડવામાં આવશે. ૨/૧૦/૮

૩૦૮. જ્યાં તેહનું કારણ નથી ત્યાં પ્રાણઘાત હોવા છતાં– (ફૂટનોટ)
હિંસાતણો ના દોષ છે. પ્રમાદરહિત મુનિ ગમનમાં. ૪/૧૦/૯

૩૦૯. વૈદ્ય–ડૉક્ટર રોગીને કરુણાબુદ્ધિથી ઉપચાર કરે; (ફૂટનોટ)
નિમિત્તમાં પ્રાણઘાત થતાં હિંસાતણો ના દોષ છે.૪/૧૦/૧૦

૩૧૦. નિશ્ચય સમકિતજ્ઞાનસહ બે કષાય અભાવ છે; (ફૂટનોટ)
તે જીવને જ નિશ્ચયે સાચા અણુવ્રત હોય છે.૪/૧૦/૧૧

૩૧૧. નિશ્ચય સમકિત ના હોય તો તેના વ્રતોને ખરે– (ફૂટનોટ)
સર્વજ્ઞદેવ થકી ‘બાળવ્રત’–વ્રત અજ્ઞાન કહેલ છે.૪/૧૦/૧૨

**જલ-મૃતિકા વિન ઔર નાહિં કછુ ગહૈં અદત્તા,**
**નિજ વનિતા વિન સકલ નારિ સોં રહૈ વિરત્તા;**
**અપની શક્તિ વિચાર, પરિગ્રહ થોરો રાખૈ,**
**દશ દિશ ગમન પ્રમાણ ઠાન, તસુ સીમ ન નાખૈ. ૧૧.**

૩૧૨. જન સમુદાયને માટે જ્યાં અટકાયત તો છે નહીં;
વ્યક્તિતણી માલિકી નહીં એવા પાણી–માટી સમી– ૪/૧૧/૧

૩૧૩. તે સિવાયની વસ્તુ પારકી જે નિજ માલિકી ના ખરે–
દીધા વગર લેવી નહીં **‘અચૌર્યાણુવ્રત’** તેને કહે. ૪/૧૧/૨

૩૧૪. પરણેલી નિજની સ્ત્રી સીવાય અન્ય સ્ત્રીઓ વડે–
રહેવું વિરક્ત સદા તે **‘બ્રહ્મચર્યાણુવ્રત’** બને. ૪/૧૧/૩

૩૧૫. સ્ત્રી અન્ય ને પુરુષ તે માતા–બહેન–પુત્રી માનશે;
ને સ્ત્રી પણ અન્ય પુરુષને પિતા–ભાઈ–પુત્ર માનશે. ૪/૧૧/૪

૩૧૬. નિજ શક્તિ-યોગ્યતા તણો બરોબર ખ્યાલ રાખી કરી–
જીવન પર્યંત બાહ્ય પરિગ્રહોનું પરિમાણ કરી– ૪/૧૧/૫

૩૧૭. તે મર્યાદાથી જે કદી ઈચ્છા વધુ છે ના કરે;
તેને **‘પરિગ્રહ પરિમાણ અણુવ્રત’** કહેવાય છે. ૪/૧૧/૬

૩૧૮. દિશા દશે આવવા-જવા મર્યાદાને નક્કી કરે;
જિંદગી સુધી ઉલ્લંઘન નહીં, તેને **‘દિગ્વ્રત’** કહે. ૪/૧૧/૭

૩૧૯. હિંસા કરે, ચોરી કરે, અસત્ય, અબ્રહ્મચર્ય ને–
પરિગ્રહ પરિમાણ નહિ–સૌ લોક તે પાપ જ કહે. ૪/૧૧/૮

૩૨૦. આ વ્રતો મહીં સ્થૂળપણે જે ત્યાગ કરવા કહેલ છે,
તે કારણ આ વ્રતો બધાં '**અણુવ્રતો**' કહેવાય છે. ૪/૧૧/૯

**તાહૂ મેં ફિર ગ્રામ ગલી ગૃહ બાગ બજારા,**
**ગમનાગમન પ્રમાણ ઠાન, અન સકલ નિવારા.**
**કાહૂકી ધનહાનિ, કિસી જય હાર ન ચિન્તૈ,**
**દેય ન સો ઉપદેશ, હોય અઘ વનજ-કૃષીતૈં. ૧૨.**

૩૨૧. દિગ્વ્રતમાં જિંદગી સુધી ક્ષેત્ર મર્યાદા જવા-આવવા–
ઘડી, કલાક, દિવસ ને મહિના વગેરે કાળ નિયમમાં. ૪/૧૨/૧

૩૨૨. પ્રસિદ્ધ રસ્તા, ગામ ને મકાન, બજાર જવા–આવવા–
મર્યાદા કરી અધિક હદમાં ના જવું '**દેશવ્રત**' કહ્યાં. ૪/૧૨/૨

૩૨૩. ના કોઈના ધનનાશનો, હાર અથવા જિતાદિ જે–
નિંદ્ય વિચાર કરવો નહીં '**અપધ્યાન અનર્થદંડ**' છે. ૪/૧૨/૩

૩૨૪. હિંસારૂપી વ્યાપાર કે કૃષિ વગેરે ઉપદેશને
ના આપવો '**પાપોપદેશ અનર્થદંડ**' વ્રત તે. ૪/૧૨/૪

**કર પ્રમાદ જલ ભૂમિ, વૃક્ષ પાવક ન વિરાધૈ,**
**અસિ ધનુ હલ હિંસોપકરણ નહિં દે યશ લાધૈ;**
**રાગદ્વેષ-કરતાર, કથા કબહૂં ન સુનીજૈ,**
**ઔર હુ અનરથદંડ,-હેતુ અઘ તિન્હૈં ન કીજૈ. ૧૩.**

૩૨૫. પ્રમાદ-પાણી ઢોળવું, ખોદે જમીન, ઝાડ કાપવા–
આગ કરવી એ આદિનો કરવો અથવા. ૪/૧૩/૧

૩૨૬. સ્થાવર જીવ પાંચ પ્રકારની હિંસા ન કરવી તેહને–
'**પ્રમાદચર્યા અનર્થદંડ**' વ્રત તે કહેવાય છે. ૪/૧૩/૨

૩૨૭. તલવાર આદિ હથિયારને જશકાજ કો'ને ના આપશે,
તે '**હિંસાદાન**' નામનું અનર્થદંડ વ્રત કહેવાય છે. ૪/૧૩/૩

૩૨૮. રાગાદિની વિકથા કરે, નવલકથા કે વાર્તા કહે–
સાંભળવાના ત્યાગને '**દુઃશ્રુતિ અનર્થદંડ**' વ્રત કહે. ૪/૧૩/૪

૩૨૯. આ વ્રતો છે બીજા ઘણા સ્થૂળતા અપેક્ષા પાંચ છે; (ફૂટનોટ)
દિગ્દર્શન માત્ર કહેલ આ સર્વ પાપજનક છે ખરે. ૪/૧૩/૫

૩૩૦. આ પાપજનક સર્વે કાર્યનો ત્યાગ કરવો જોઈએ; (ફૂટનોટ)
નિષ્પ્રયોજન પાપ કાર્ય તે **'અનર્થદંડ'** કહેવાય છે. ૪/૧૩/૬

**ધર ઉર સમતાભાવ સદા સામાયિક કરિયે,**
**પરવ ચતુષ્ટયમાહિં, પાપ તજ પ્રોષધ ધરિયે;**
**ભોગ ઔર ઉપભોગ, નિયમકરિ મમત નિવારૈ,**
**મુનિ કો ભોજન દેય ફેર નિજ કરહિ અહારૈ. ૧૪**

૩૩૧. સ્વસન્મુખતાથી નિજ પરિણામ વિશેષ સ્થિર કરે–
સામાયિક કરવું વિધિ થકી **'સામાયિક શિક્ષાવ્રત'** છે. ૪/૧૪/૧

૩૩૨. આઠમ–ચૌદશના દિને કષાય વ્યાપાર છોડીને–
પૌષધ સહિત ઉપવાસ **'પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત'** છે. ૪/૧૪/૨

૩૩૩. પરિગ્રહ પરિમાણ અણુવ્રતને મુકરર વસ્તુ જિંદગી પરે–
કે મુકરર સમય નિયમ તે **'ભોગોપભોગ પરિમાણ'** છે. ૪/૧૪/૩

૩૩૪. નિર્ગ્રંથ મુનિ સત્પાત્રને આહાર કરાવ્યા પછી–
ભોજન જો પોતે કરે **'અતિથિ સંવિભાગ'** શિક્ષાવ્રત છે. ૪/૧૪/૪

**બારહ વ્રત કે અતીચાર, પન પન ન લગાવૈ,**
**મરણ સમૈ સંન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ;**
**યોં શ્રાવકવ્રત પાલ, સ્વર્ગ સોલમ ઉપજાવૈ;**
**તહઁતૈં ચય નરજન્મ પાય, મુનિ હૈ શિવ જાવૈ. ૧૫.**

૩૩૫. જે જીવ શ્રાવકતણાં કહેલ વ્રતો બારને–
જીવનપર્યંત પાળતો, પાંચ અતિચાર પણ રાખશે. ૪/૧૫/૧

૩૩૬. મૃત્યુ સમય પૂર્વે ઉપાર્જિત દોષ કરવા નાશ જે–
વિધિપૂર્વક સમાધિ મરણ **'સંલ્લેખના'** ધારણ કરે. ૪/૧૫/૨

૩૩૭. અતિચાર પાંચ દૂર કરે તે આયુપૂર્ણ થતાં મરી–
તે સોળમાં સ્વર્ગ સુધી ઉપજતા, એવો નિયમ છે. ૪/૧૫/૩

૨૩૮. તે દેવ આયુ પૂરણ થતાં માનવ શરીર પામીને–
મુનિપદ અંગીકાર કરી શુદ્ધતાપૂરણ મોક્ષ વરે. ૪/૧૫/૪

૩૩૯. ક્રોધાદિને વશ થઈ જે ઝેર, શસ્ત્ર અન્નત્યાગ વડે–
જે પ્રાણને છે છોડતો તે **'આપઘાત'** કહેવાય છે. ૪/૧૫/૫

૩૪૦. સંલ્લેખના સમકિત સહ આતમ કલ્યાણ હેતુથી–
ધર્મતણા હેતુ થકી કાયા-કષાય કૃષ કરી– ૪/૧૫/૬

૩૪૧. સમ્યક્ આરાધના સહિત સમાધિ મરણ જ્યાં થાય છે;
ના તેથી તે આપઘાત છે પણ 'ધરમ ધ્યાન' ગણાય છે. ૪/૧૫/૭

૩૪૨. દ્રવ્ય-ગુણ-પર્યાયને કેવળજ્ઞાની છે જાણતાં;
અપેક્ષિત ધરમ ના જાણતા–એ માનવું છે સત્ય ના. (ફૂટનોટ)

૩૪૩. અનંતને, નિજ આત્મને જાણે, ન જાણે સર્વને–
એ માનવું તે પણ ખરે ન્યાયથી વિરુદ્ધ છે. (ફૂટનોટ)

૩૪૪. ભગવાન કેવળી ક્ષાયોપશમિક જ્ઞાનવંત સમા–
અવદાહ, ઈહા, અવાય ને ધારણા ક્રમે ના જાણતા. (ફૂટનોટ)

૩૪૫. તે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ યુગપત જાણતા;
એ રીત કેવળી ભગવાન તે પ્રત્યક્ષ બધુંય જાણતાં. (ફૂટનોટ)

૩૪૬. વિસ્તાર શો? અનિવારિત ફેલાવ પ્રકાશવંતુ–
ક્ષાયિક સર્વદા-સર્વત્ર તે સર્વથા–સર્વને છે જાણતું. (ફૂટનોટ)

૩૪૭. શ્રુત-અવધિ-મન:પર્યય ને કેવળથી સિદ્ધ થાય કે;
દ્રવ્ય સર્વમાં નિશ્ચિત ને ક્રમબદ્ધ પર્યાયો બને. (ફૂટનોટ)

❖ ❈ ❖

# પાંચમી ઢાળ — બાર ભાવના

(ચાલ છંદ)

**મુનિ સકલવ્રતી બડભાગી, ભવ-ભોગન તૈં વૈરાગી;**
**વૈરાગ્ય ઉપાવન માઈ, ચિંતૈ અનુપ્રેક્ષા ભાઈ. ૧.**

૩૪૮ પાંચ વ્રત મહાધર મુનિ મહાપુરુષાર્થવાન હોય છે;
સંસાર, શરીર, ભોગોથકી અત્યંત વિરક્ત હોય છે. ૫/૧/૧

૩૪૯. જે રીત કો માત જન્મ આપે છે પુતરને–
તે રીત મુનિ વૈરાગથી ભાવના બારનું ચિંતવન કરે. ૫/૧/૨

**ઇન ચિન્તત સમસુખ જાગૈ, જિમિ જ્વલન પવન કે લાગૈ;**
**જબહી જિય આતમ જાનૈ, તબહી જિય શિવસુખ ઠાનૈ. ૨.**

૩૫૦. જે રીત પવનના લાગવાથી અગ્નિ ભભૂકી ઉઠશે;
આ ભાવના ચિંતવન થતાં સમતાસુખ પ્રગટશે. ૫/૨/૧

૩૫૧. સંબંધ પરનો છોડીને સ્વરૂપાનંદે લીન બને;
સમતા રસ પાન કરી મોક્ષસુખની પ્રાપ્તિ કરે. ૫/૨/૨

**જોબન ગૃહ ગો ધન નારી, હય ગય જન આજ્ઞાકારી;**
**ઇન્દ્રિય-ભોગ છિન થાઈ, સુરધનુ ચપલા ચપલાઈ. ૩.**

૩૫૨. યુવાની, મકાન, ગાય, ભેંસ ને ઝવેરાત તથા–
સ્ત્રી, હાથી, કુટુંબ સહ ઘોડા-નોકર બધાં– ૫/૩/૧

૩૫૩. ઈન્દ્રિયો પાંચના વિષય તે ચીજો બધી ક્ષણિક છે;
તે છે અનિત્ય જ સદા, નાશવંત સૌ ચીજ છે. ૫/૩/૨

૩૫૪. ઈન્દ્રધનુષ્ય ને વીજ જ્યમ વિલય થાય ક્ષણવારમાં–
ત્યમ જુવાની વગેરે બધું નષ્ટ થાય ક્ષણવારમાં. ૫/૩/૩

૩૫૫. ના નિત્ય કો સ્થાયી નથી, પણ નિજ શુદ્ધાત્મા ખરે–
છે નિત્ય તે સ્થાયી ખરે, સ્વસન્મુખતાથી ચિંતવે. ૫/૩/૪

૩૫૬. વીતરાગતાની વૃદ્ધિ કરે, ‘**અનિત્ય**’ ભાવના સમકિતીને;
મિથ્યાદૃષ્ટિને અનિત્યાદિની ભાવના ના સાચી હોય છે. ૫/૩/૫

**સુર અસુર ખગાધિપ જેતે, મૃગ જ્યોં હરિ, કાલ દલે તે;**
**મણિ મંત્ર તંત્ર બહુ હોઈ, મરતે ન બચાવૈ કોઈ. ૪.**

૩૫૭. સંસારમાં દેવેન્દ્ર ને સુરેન્દ્ર, ખગેન્દ્ર સર્વનો–
મૃત્યુ કરે છે નાશ, જે રીત હરણને સિંહ મારતો. ૫/૪/૧

૩૫૮. ચિંતામણિ વગેરે હો ભલે, મણિ, યંત્ર, જંત્ર, મંત્ર અને–
તંત્ર વગેરે કો પણ કદી ના મરણથી બચાવી શકે. ૫/૪/૨

૩૫૯. અહીં સમજવું એમ કે નિજ આત્મા જ શરણરૂપ ખરે;
તે સિવાય કો અન્ય તે ના શરણરૂપ છે જીવને. ૫/૪/૩

૩૬૦. કો જીવ ના કો જીવને રક્ષા કરવાને સમર્થ છે;
તેથી જ પરથી રક્ષાતણી ના આશ કો રાખી શકે. ૫/૪/૪

૩૬૧. સર્વત્ર–સદા નિજ આતમા નિજ શરણ છે તે સદા;
નિશ્ચયથી તે મરતો નથી, અનાદિ-અનંત તે સદા. ૫/૪/૫

૩૬૨. સ્વ સન્મુખતાથી ચિંતવી, સમકિતી જીવ વીતરાગતા–
વૃદ્ધિ કરે છે તે સદા, તે **'અશરણ'**ની છે ભાવના. ૫/૪/૬

**ચહુંગતિ દુખ જીવ ભરૈ હૈં, પરિવર્તન પંચ કરૈ હૈં;**
**સબવિધિ સંસાર અસારા, યામેં સુખ નાહિં લગારા. ૫.**

૩૬૩. છે જીવને અશુદ્ધ પર્યાય તે સંસાર જાણજે–
અજ્ઞાન કારણ જીવ આ ગતિ ચારમાં દુઃખ ભોગવે. ૫/૫/૧

૩૬૪. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભવ, ભાવ પરાવર્તન પાંચ કરે;
પરંતુ તેને ના કદી શાંતિ અરે! છે ત્યાં મળે. ૫/૫/૨

૩૬૫. સંસાર ભાવ તેથી ખરે સાર રહિત જ છે સદા;
ત્યાં સુખ માની રહ્યો પણ સુખ નથી ત્યાં તો જરા. ૫/૫/૩

૩૬૬. જે રીતનું સુખ માનતો તે ના ખરે છે સુખ અરે!
પરદ્રવ્ય આલંબનરૂપી તે મલિનભાવ જાણજે. ૫/૫/૪

૩૬૭. આકુળતા ઉપજાવતો છે ભાવ તે સુખ છે નિજ ના ખરે;
ધ્રુવ સ્વભાવ જે નિજતણો, સંસાર ના ત્યાં છે ખરે. ૫/૫/૫

૩૬૮. એ રીત સ્વની સન્મુખતાપૂર્વક જીવ ચિંતવતો;
જે જીવ સમ્યગ્દૃષ્ટિ તે વીતરાગતાને વધારતો. ૫/૫/૬

**શુભ-અશુભ કરમફલ જેતે, ભોગૈ જિય એક હિ તેતે;**
**સુત-દારા હોય ન સીરી, સબ સ્વારથ કે હૈં ભીરી. ૬.**

૩૬૯. આ જીવને સદા હોય છે પોતા થકી પોતાપણું;
એકત્વ ને પરથી સદા વિભક્તપણું જાણવું. ૫/૬/૧

૩૭૦. તેથી જ પોતે નિજતણું હિત-અહિત છે કરી શકે;
પરનું નહીં હિત કે અહિત આ જીવ છે કરી શકે. ૫/૬/૨

૩૭૧. જીવ શુભ વા અશુભના ભાવો કરે, ફળ ભોગવે;
સ્ત્રી, પુત્ર, મિત્રતા કદી ભાગીદાર ના બની શકે. ૫/૬/૩

૩૭૨. છે પર પદાર્થ સર્વ તે, સર્વ પદાર્થ પર જ્ઞેયરૂપ છે,
જીવના સંબંધી તે નથી, નિજ માની દુઃખી થાય છે. ૫/૬/૪

૩૭૩. સંસારમાં, મોક્ષમહીં જીવ એકલો એમ જાણતા–
સમકિતી જીવ નિજ શુદ્ધ આત્મ સહ નિજનું સદા– ૫/૬/૫

૩૭૪. એકત્વ માની નિજ નિશ્ચય પરિણતિ દ્વારા શુદ્ધ નિજની–
એકત્વની વૃદ્ધિ કરે, 'એકત્વ' ભાવના તે જાણવી. ૫/૬/૬

**જલ-પય જ્યોં જિય-તન મેલા, પૈ ભિન્ન ભિન્ન નહિં ભેલા;**
**તો પ્રગટ જુદે ધન-ધામા, ક્યોં હૈ ઇક મિલિ સુત-રામા. ૭.**

૩૭૫. જ્યમ દૂધ-પાણી આકાશના ક્ષેત્ર એકમાં મળેલ છે;
ગુણાદિની અપેક્ષાથી છતાં બન્ને જુદા જ જાણજે. ૫/૭/૧

૩૭૬. આ જીવ-શરીર પણ તે રીતે મળેલા ભલે દેખાય છે;
સ્વરૂપ અપેક્ષા તે જુદાં, ના એક તે કદી થઈ શકે. ૫/૭/૨

૩૭૭. જીવ–શરીર જુદાં તો પછી ધન, મકાન, બાગાદિ ને;
સ્ત્રી, પુત્ર, મોટરાદિ તે એક શી રીત બની શકે? ૫/૭/૩

૩૭૮. કો ચીજ પર નિજની નથી, છે ભિન્ન, સ્વ સન્મુખ થઈ–
વીતરાગતા વૃદ્ધિ કરે, તે ભાવના 'અન્યત્વ'ની. ૫/૭/૪

**પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિ તૈં મૈલી;**
**નવ દ્વાર બહૈં ઘિનકારી, અસ દેહ કરૈ કિમ યારી? ૮.**

૩૭૯. આ શરીર તો લોહી, પરુ, વિષ્ટા વગેરેની કોથળી;
ત્યાં હાડકા, માંસ, ચરબી, છે અપવિત્રતા ભરી. ૫/૮/૧

૩૮૦. નવ દ્વારથી ત્યાં મેલ સદા બહાર છે વ્હેતો દીસે;
એવા શરીર મહીં કેમ અરે! મોહ, રાગાદિ કરાય છે?૫/૮/૨

૩૮૧. આ દેહ માખની પાંખ સમી પાતળી ચામડીથી મઢેલ છે;
તેથી જ તો અંદર મેલું પણ બહાર સુંદર લાગશે. ૫/૮/૩

૩૮૨. હાલત અંદરની વિચારતા વસ્તુ અપવિત્ર ભરેલ છે;
મમતા અને અહંકાર કે રાગ કરવો ત્યાં વ્યર્થ છે. ૫/૮/૪

૩૮૩. શરીર મલિન કહેલ છે, જ્ઞાનભેદથી સ્વરૂપ કહી;
પણ આશય પદ પવિત્રમાં રુચિ કરાવવાનો છે અહીં. ૫/૮/૫

૩૮૪. શરીરમાં ના દ્વેષ જરા અહીં કરાવવાનો હેતુ છે;
આ શરીર તો સ્વભાવથી અશુચિમય સદા કહેલ છે. ૫/૮/૬

૩૮૫. ભગવાન આ આતમા તો નિજ સ્વભાવથી જ ખરે;
શુદ્ધ છે, શુચિમય અને પવિત્ર ચૈતન્ય પદાર્થ છે. ૫/૮/૭

૩૮૬. સમકિતી નિજ શુદ્ધાત્મની સન્મુખતાથી નિજ પર્યાયમાં–
શુચિપણાની વૃદ્ધિ કરે, તે કહેલ છે **'અશુચિ'** ભાવના. ૫/૮/૮

**જો યોગન કી ચપલાઈ, તાતૈં હ્વૈ આસ્રવ ભાઈ;**
**આસ્રવ દુખકાર ઘનેરે; બુધિવંત તિન્હૈ નિરવેરે. ૯.**

૩૮૭. વિકારી શુભાશુભભાવ રૂપી–અરૂપી જે અવસ્થાઓ બધી;
આ જીવમાં જે થાય છે, તે **'ભાવ આસ્રવ'** જાણવી. ૫/૯/૧

૩૮૮. તે સમય કર્મ યોગ્ય નવા રજકણોનું સ્વયં સ્વતઃ ત્યાં આવવું;
એક ક્ષેત્રમાં આગમન થવું **'દ્રવ્ય આસ્રવ'** છે તેને કહ્યું. ૫/૯/૨

૩૮૯. જીવની અશુદ્ધ પર્યાય તે આસ્રવમાં નિમિત્ત છે;
પુણ્ય અને પાપ બન્ને આસ્રવ–બંધ ભેદ કહેલ છે. ૫/૯/૩

૩૯૦. ભક્તિ, દયા ને દાન, પૂજા, વ્રતાદિ પુણ્યના ભાવ તે–
છે **'શુભ ભાવો'** તે બધા, સરાગી જીવોને તે હોય છે. ૫/૯/૫

૩૯૧. તે ભાવ શુભના જે કહ્યાં, અરૂપી, અશુદ્ધ ભાવ છે;
ને ભાવ જે શુભ તે બધાંને **'ભાવપુણ્ય'** કહેલ છે. ૫/૯/૫

૩૯૨. તે સમય કર્મ યોગ્ય રજકણો સ્વયં ત્યાં આવશે;
**'દ્રવ્ય પુણ્ય'** તે, ત્યાં જીવતણા અશુદ્ધ પર્યાય નિમિત્ત છે. ૫/૯/૬

૩૯૩. હિંસા, અસતાદિ અશુભ જે ભાવ તે 'ભાવપાપ' કહેલ છે;
કર્મ યોગ્ય પુદ્‌ગલ આવવું **'દ્રવ્યપાપ'** તે કહેવાય છે. ૫/૯/૭

૩૯૪. પરમાર્થથી શુભાશુભ બન્ને જીવને અહિતકર ખરે;
તે તો ખરે આત્માતણી અશુદ્ધ અવસ્થા ક્ષણિક છે. ૫/૯/૮

૩૯૫. દ્રવ્ય પુણ્ય-પાપ બન્ને પરવસ્તુ ખરેખર છે કહી;
આત્માતણું હિત-અહિત કરી શકવા સમર્થ તે નથી. ૫/૯/૯

૩૯૬. નિર્ણય એહવો બરાબર જ્ઞાની જીવને સદા હોય ત્યાં;
એ રીત કરી વિચાર સમ્યગ્દૃષ્ટિ સ્વ દ્રવ્યતણાં. ૫/૯/૧૦

૩૯૭. આલંબન બળે આસ્રવભાવને જેટલાં અંશે દૂરે કરી–
વીતરાગતા વધતી જાય છે, તે ભાવના **'આસ્રવ'** તણી. ૫/૯/૧૧

**જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ-અનુભવ ચિત દીના;**
**તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦.**

૩૯૮. આસ્રવતણું રોકાઈ જવું **‘સંવર’** તે કહેવાય છે;
સમકિતથી મિથ્યાત્વાદિના આસ્રવો તૂરત રોકાય છે. ૫/૧૦/૧

૩૯૯. શુભ ને અશુભ બન્ને ઉપયોગ બંધ કારણ ખરે;
સમ્યગ્દષ્ટિ પ્રથમથી જ છે એમ જાણતો હોય તે. ૫/૧૦/૨

૪૦૦. સાધક ભૂમિકા–શુદ્ધતા સહ અલ્પ શુભાશુભ હોય છે;
તોપણ શુભાશુભને તે બંધનું કારણ જ માનશે. ૫/૧૦/૩

૪૦૧. સમકિતી સ્વ આલંબનથી જેટલા અંશ શુદ્ધતા કરે;
ત્યાં તેટલા અંશ પ્રમાણ **‘સંવર’** તેને થાય છે. ૫/૧૦/૪

૪૦૨. ત્યાં ક્રમે ક્રમે તે શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે;
તે રીત આગળ વધતા શુદ્ધતા પૂરણને પ્રાપ્ત કરે. ૫/૧૦/૫

૪૦૩. સમકિતી જીવ સ્વાવલંબને સ્વસન્મુખતાપૂર્વક જે–
શુદ્ધતાને પ્રાપ્ત કરે તે ભાવના **‘સંવર’** ખરે. ૫/૧૦/૬

**નિજ કાલ પાય વિધિ ઝરના, તાસૌં નિજ કાજ ન સરના;**
**તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઈ શિવસુખ દરસાવૈ. ૧૧.**

૪૦૪. પોતાની સ્થિતિ પૂરણ થતાં ખરી જવું કર્મોતણું–
અજ્ઞાનીને પણ હોય છે, ના શુદ્ધિનું કારણ થતું. ૫/૧૧/૧

૪૦૫. દર્શન-જ્ઞાન-ચરિતના શુદ્ધ પ્રતપને કર્મો ખરે;
અવિપાક અથવા તેહને **‘સકામ નિર્જરા’** કહેવાય છે. ૫/૧૧/૨

૪૦૬. તે રીત શુદ્ધિ વૃદ્ધિ થતાં નિર્જરા સંપૂર્ણ થાય છે;
ત્યારે શિવસુખને કે પૂરણ સુખ પ્રાપ્ત કરે. ૫/૧૧/૩

૪૦૭. એ જાણતો સમ્યગ્દષ્ટિ સ્વ દ્રવ્ય આલંબન વડે–
જે શુદ્ધિની વૃદ્ધિ કરે તે **‘નિર્જરા’** ભાવના ખરે. ૫/૧૧/૪

**કિનહૂ ન કરૌ ન ધરૈ કો, ષડ્‌દ્રવ્યમયી ન હરૈ કો;**
**સો લોક માંહિ બિન સમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા. ૧૨.**

૪૦૮. બ્રહ્મા વગેરે કોઈએ આ લોક બનાવેલ નથી
વિષ્ણુ અને શેષનાગથી તે ટકાવી રાખેલ નથી. ૫/૧૨/૧

૪૦૯. મહાદેવ વગેરે કોઈથી ના લોક છે નષ્ટ બને;
છ દ્રવ્યમય આ લોક તો નિજથી અનાદિ-અનંત છે. ૫/૧૨/૨

૪૧૦. દ્રવ્ય છ સ્વ સ્વરૂપ ટકી નિત્ય, નૂતન પર્યાય વડે–
ઉત્પાદ ને વ્યયરૂપ તે પરિણમનશીલ રહ્યા કરે. ૫/૧૨/૩

૪૧૧. દ્રવ્ય એકમાં ના કદી દ્રવ્ય અન્યનો અધિકાર છે;
દ્રવ્ય છ સ્વરૂપી લોક તે સ્વરૂપ નહિ મારું ખરે. ૫/૧૨/૪

૪૧૨. છે મુજથી ત્રિકાળ ભિન્ન તે, તેનાથી ત્રિકાળ ભિન્ન હું;
શાશ્વત મુજ ચેતન લોક તે જ મુજ સ્વરૂપ છે ખરું. ૫/૧૨/૫

૪૧૩. ધર્મી વિચારી એમ સ્વ સન્મુખ થઈ વિષમતા મટાડીને–
વીતરાગતાને વધારતો તે 'લોક ભાવના' કહેવાય છે. ૫/૧૨/૬

**અંતિમ ગ્રીવકલૌં કી હદ, પાયો અનંત વિરિયાં પદ;**
**પર સમ્યગ્જ્ઞાન ન લાધૌ; દુર્લભ નિજ મેં મુનિ સાધૌ. ૧૩.**

૪૧૪. મિથ્યાદૃષ્ટિ, મંદકષાયના કારણે ગ્રૈવેયક પરે–
પેદા થઈ અનેકવાર તે અહમિન્દ્ર પદ પામેલ છે. ૫/૧૩/૧

૪૧૫. પણ ના કદી સમ્યક્ જ્ઞાન એક વાર પણ પ્રાપ્ત થયું;
કારણ સમ્યગ્જ્ઞાન જે અપૂર્વ તે કહેવાય છે પામવું. ૫/૧૩/૨

૪૧૬. સ્વસન્મુખતાના અનંત પુરુષાર્થ વડે જ છે જે પ્રાપ્ત બને;
ને તો જ વિપરીત અભિપ્રાયાદિ દોષોનો અભાવ બને. ૫/૧૩/૩

૪૧૭. સમ્યગ્દર્શન-જ્ઞાન તો આતમ આશ્રયથી મળે;
ના પુણ્યથી, શુભ રાગથી, કર્માદિથી તે ના બને. ૫/૧૩/૪

૪૧૮. આ જીવ સંયોગો બહુ બહારના, ગતિ ચાર ને–
લૌકિક પદો જે કહેવાય તે પામ્યો અનંતીવાર છે. ૫/૧૩/૫

૪૧૯. નિજ સ્વરૂપ સ્વાનુભવે કરી પ્રત્યક્ષ સમજ્યો નથી;
તેથી જ તે અપૂર્વ છે, પદ લૌકિક અપૂર્વ નથી. ૫/૧૩/૬

૪૨૦. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિતની એકતાને બોધિ કહે;
તે બોધિની પ્રાપ્તિ જીવે કરવી ખરે જરૂરી છે. ૫/૧૩/૭

૪૨૧. સમકિતી સ્વ સન્મુખ થઈ આવું ચિંતવન કરે નિરંતરે–
વૃદ્ધિ અભ્યાસ કરે 'બોધિ દુર્લભ'ભાવના તે ખરે. ૫/૧૩/૮

**જો ભાવ મોહ તૈં ન્યારે, દગ-જ્ઞાન-વ્રતાદિક સારે;**
**સો ધર્મ જબૈ જિય ધારૈ, તબ હી સુખ અચલ નિહારૈ. ૧૪.**

૪૨૨. મોહ-મિથ્યાદર્શન–અતત્ત્વ શ્રદ્ધાન રહિત જે–
દર્શન-જ્ઞાન-ચરિત સમ્યક્સાર રૂપ તે 'ધરમ' છે. ૫/૧૪/૧

૪૨૩. રત્નત્રય વ્યવહાર તે ના ધરમ એમ બતલાવવા–
અહીં આ ગાથામહીં 'સાર' શબ્દ પ્રયોજેલ છે. ૫/૧૪/૨

૪૨૪. ધરમ નિશ્ચય રત્નત્રયી સ્વ આશ્રયે પ્રાપ્ત કરે–
જીવ ત્યારે અક્ષય સુખ-મોક્ષતણી પ્રાપ્તિ કરે. ૫/૧૪/૩

૪૨૫. સમકિતી એ રીત ચિંતવી સ્વ સન્મુખતા તણો–
અભ્યાસ વારંવાર કરે તે 'ધરમ ભાવના' જાણજો. ૫/૧૪/૪

**સો ધર્મ મુનિનકરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;**
**તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫.**

૪૨૬. નિશ્ચય રત્નત્રય ધરમને ભાવલિંગી અંગીકાર કરે;
મુનિ સકલ ચારિત્રનું તથા અર્હંત, સિદ્ધનું વર્ણન હવે ૫/૧૫/૧

❖✻❖

# છઠ્ઠી ઢાળ

## 卐 મુનિ, અર્હંત, સિદ્ધ સ્વરૂપ, શીઘ્ર આત્મહિતનો ઉપદેશ 卐

(હરિગીત છંદ)

**ષટ્કાય જીવ ન હનન તૈં, સબવિધ દરવહિંસા ટરી,**
**રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી;**
**જિનકે ન લેશ મૃષા ન જલ, મૃણ હૂ વિના દીયો ગહૈં,**
**અઠદશસહસવિધ શીલધર, ચિદ્બ્રહ્મ મેં નિત રમિ રહૈં. ૧.**

૪૨૭. નિશ્ચય સમકિત પૂર્વક સ્વસ્વરૂપમાં નિરંતરે–
એકાગ્રતારૂપ રમી રહે છે એજ મુનિપણું જાણજે. ૬/૧/૧

૪૨૮. એ ભૂમિકામાં નિર્વિકલ્પ ધ્યાનદશા સાતમું–
ગુણસ્થાન મુનિરાજને વારંવાર જાય ને આવતું. ૬/૧/૨

૪૨૯. છઠ્ઠે વ્રત પાંચ ને નગ્નતા, સમિતિ, ગુણ અઠ્ઠાવીસના–
શુભભાવ તો આવે ભલે પણ ધરમ ના ત્યાં માનતા. ૬/૧/૩

૪૩૦. તે કાળમાં પણ તેમને ત્રિકષાયરૂપ ચોકડીતણાં–
અભાવરૂપ પરિણતિ શુદ્ધ નિરંતર વર્તે જ ત્યાં. ૬/૧/૪

૪૩૧. છ કાય–સ્થાવર પાંચ ને ત્રસ એક ઘાત **‘દ્રવ્યહિંસા’** અને
રાગાદિ ને ક્રોધાદિ ઉત્પતિ થવી, **‘ભાવહિંસા’** બને. ૬/૧/૫

૪૩૨. મુનિ વીતરાગીને બે પ્રકાર હિંસા ના હોય છે;
તેથી જ તેમને વ્રત **‘અહિંસા’** મહાવ્રત હોય છે. ૬/૧/૬

૪૩૩. મુનિ સ્થૂળ કે સૂક્ષ્મ પ્રકાર જૂઠ ના બોલશે;
તેથી જ તેમને **‘સત્ય’** નામે મહાવ્રત હોય છે. ૩/૧/૭

૪૩૪. માટી અને પાણી કો વસ્તુ દીધા વગર ના ગ્રહતા રહે;
તેથી જ મુનિરાજને ખરે **‘અચૌર્ય’** મહાવ્રત હોય છે. ૬/૧/૮

૪૩૫. શિયળ અઢાર હજાર પાલન તથા સ્વરૂપમાં લીન રહે;
તેથી જ સ્થિરતારૂપી **‘બ્રહ્મચર્ય’** મહાવ્રત ખરે. ૩/૧/૯

૪૩૬. અદત્ત વસ્તુ પ્રમાદથી જે ગ્રહણ તે **‘ચોરી’** ગણાય છે; (ફૂટનોટ)
પ્રદાન વિણ મુનિરાજ જળ નદી-ઝરણનું ગ્રહી શકે. ૬/૧/૧૦

૪૩૭. ભસ્મ તથા જાતે ખરેલ સેમરના પ્રાસુક ફળ અને– (ફૂટનોટ)
તુમ્બીફળ વગેરે તણું મુનિ ગ્રહણ છે કરી શકે. ૬/૧/૧૧

**અંતર ચતુર્દસ ભેદ બાહિર, સંગ દસધા તૈં ટલૈં,**
**પરમાદ તજિ ચૌકર મહી લખિ, સમિતિ ઇર્યા તૈં ચલૈં;**
**જગ-સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં,**
**ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્ર તૈં અમૃત ઝરૈં. ૨.**

૪૩૮. અંતરંગ ચૌદ પ્રકાર ને બહિરંગ દશ રહિત છે;
મુનિરાજને પાંચમું **‘પરિગ્રહત્યાગ’** મહાવ્રત છે. ૬/૨/૧

૪૩૯. સાવધાનીથી દિવસે ચાર હાથ જમીન આગળ જોઈને,
વિકલ્પ જે ચાલવા તણો, પહેલી તે **‘ઇર્યાસમિતિ’** ખરે. ૬/૨/૨

૪૪૦. ચંદ્રમાંથી ઝરે અમૃત ત્યમ મુનિ મુખચંદ્રથી જગતનું–
જગતહિતકર અહિતહર, સુણતા સુખ આપનાર મુનિતણું– ૬/૨/૩

૪૪૧. શંકાહર સર્વ પ્રકાર ને મિથ્યાત્વરૂપી રોગને–
કરનાર નાશ, વચનો અમૃતના ઊઠે મુનિરાજને. ૩/૨/૪

૪૪૨. એ રીત સમિતિરૂપી બોલવાનો જે વિકલ્પ તે
ઊઠે મુનિરાજને તે **'સમિતિ ભાષાતણી'** ખરે. ૬/૨/૫

૪૪૩. સાચી સમિતિ કોને કહે? પરજીવની રક્ષાકાજ જે–
યત્નાચારરૂપી પ્રવૃત્તિને સમિતિ અજ્ઞાની કહે. ૩/૨/૬

૪૪૪. હિંસાતણા પરિણામથી તો પાપબંધ સદા થાય છે;
રક્ષા પરિણામથી સંવર, તો પુણ્યબંધ શા કારણે? ૩/૨/૭

૪૪૫. મુનિ એષણામાં ટાળે દોષ ત્યાં રક્ષા પ્રયોજન ના હોય છે;
રક્ષાકાજ ના સમિતિ ખરે, તો સમિતિ શી રીત હોય છે? ૩/૨/૮

૪૪૬. મુનિને કિંચિત રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે;
તે ક્રિયામાં આસક્તિ તે અભાવે પ્રમાદ પ્રવૃત્તિ ના હોય છે. ૬/૨/૯

૪૪૭. પર દુઃખી કરી નિજ ગમનાદિ પ્રયોજન ના સાધતા;
સ્વયં તેથી દયા પળાય તેજ સાચી સમિતિ સદા. ૬/૨/૧૦

**છ્યાલીસ દોષ વિના સુકુલ, શ્રાવક તનૈં ઘર અશન કો,**
**લૈં તપ બઢાવન હેતુ, નહિં તન પોષતે તજિ રસન કો;**
**શુચિ જ્ઞાન-સંયમ ઉપકરણ, લખિ કૈં ગહૈં, લખિ કૈં ધરૈં,**
**નિર્જંતુ થાન વિલોકિ તન-મલ મૂત્ર શ્લેષમ પરિહરૈં. ૩.**

૪૪૮. વીતરાગી મુનિ ઉત્તમ કુળ શ્રાવક ઘરે, આહારના–
છેંતાલીસ દોષો ટાળીને, અમુક રસ પણ છોડતા. ૬/૩/૧

૪૪૯. શરીરને પુષ્ટ કરવા તણો અભિપ્રાય નહીં રાખીને–
તપવૃદ્ધિ કાજ આહાર લે, ત્રીજી સમિતિ **'એષણા'** ધરે. ૬/૩/૨

૪૫૦. પવિત્રતા કાજ કમંડળ ગ્રહે, જ્ઞાન સાધન શાસ્ત્ર અને–
સંયમ સાધન પીંછીને વિરાધના બચાવવા કાજ જે– ૬/૩/૩

૪૫૧. સંભાળીને છે રાખતા, સંભાળીને ઉપાડશે;
તેથી સમિતિ ચોથી મુનિ **'આદાન નિક્ષેપણ'** ધરે. ૬/૩/૪.

૪૫૨. મળ-મૂત્રાદિ મેલ જીવ રહિત સ્થાન નિરખી છોડતાં,
તેથી મુનિ પાંચમી **'પ્રતિષ્ઠાપન'** સમિતિ ધારતા. ૬/૩/૫

૪૫૩. આહારના દોષોતણું **'અનગાર ધર્મામૃત'** અને– (ફૂટનોટ)
**'મૂલાચાર'** શાસ્ત્રો મહીં વર્ણન વિગતેથી મળે. ૬/૩/૬

૪૫૪. તે દોષને ટાળવા મુનિરાજ મહિનાઓ આહાર જો– (ફૂટનોટ)
ના મળે તો જરાય તે ખેદ ના કરતા, અહો! ૬/૩/૭

૪૫૫. અનાસક્ત, નિર્મોહ, હઠ વગરના તે હોય છે; (ફૂટનોટ)
અજ્ઞાની તો દુઃખમય ગણે, જ્ઞાનીને સુખમય લાગશે. ૬/૩/૮

**સમ્યક્ પ્રકાર નિરોધ મન-વચ-કાય, આતમ ધ્યાવતે,**
**તિન સુથિર મુદ્રા દેખિ મૃગગણ ઉપલ ખાજ ખુજાવતે;**
**રસ રૂપ ગંધ તથા ફરસ અરુ શબ્દ શુભ અસુહાવને,**
**તિન મેં ન રાગ-વિરોધ પંચેન્દ્રિય-જયન પદ પાવને. ૪.**

૪૫૬. નિશ્ચય ગુપ્તિ, ભાવલિંગી અટ્ઠાવીસ મૂળ ગુણો વડે–
ઈન્દ્રિય જયના સ્વરૂપનું વર્ણન અહીં કરેલ છે. ૬/૪/૧

૪૫૭. તે ઉગ્ર પુરુષાર્થ વડે શુદ્ધોપયોગે પરિણમી–
સ્વરૂપમાં ગુપ્ત બને તે **'નિશ્ચયગુપ્તિ'** જાણવી. ૬/૪/૨

૪૫૮. મન-વચન કાયાતણી ક્રિયા સ્વયં રોકાઈ ગઈ;
શાંત, અચળ, મુદ્રા નિરખી તે શરીરને પથ્થર ગણી– ૬/૪/૩

૪૫૯. મૃગ ખુજલી ખંજવાળતા, મુનિ ધ્યાને નિશ્ચળ રહે;
તે ભાવલિંગી મુનિરાજને **'ત્રણ ગુપ્તિ'** ત્યાં હોય છે. ૬/૪/૪

૪૬૦. સુકુમાલ મુનિ ધ્યાનમાં શિયાળ ને બચ્ચા વડે– (ફૂટનોટ)
અડધો પગ ત્યાં ખાઈ ગયા, ધ્યાન વિચલિત ના બને. ૬/૪/૫

૪૬૧. તેથી સમજવું એમ કે સંયોગથી ના દુઃખ છે; (ફૂટનોટ)
શરીરાદિમાં મમતા કરે તો દુઃખ અનુભવ થાય છે. ૬/૪/૬

૪૬૨. ગુપ્તિ કહો કોને કહે? મન-વચન-કાયની બાહ્ય જે–
ચેષ્ટા મટાડવાને ચહે, ને પાપ ચિંતવન ના કરે. ૬/૪/૭

૪૬૩. જે મૌનને છે ધારતા ને ગમન આદિક ના કરે;
અજ્ઞાનીઓ તેને અરે! **'ગુપ્તિધારક'** માનશે. ૬/૪/૮

૪૬૪. ત્યાં મનમહીં તો ભક્તિ વગેરે અનેક પ્રકાર જે–
શુભ રાગાદિ અનેકના વિકલ્પ તો છે થયા કરે. ૬/૪/૯

૪૬૫. પ્રવૃત્તિમાં ગુપ્તિ ના બને, વીતરાગભાવની સાથ જે–
મન-વચન-કાયની ચેષ્ટા નહીં—તે જ સાચી ગુપ્તિ છે. ૬/૪/૧૦

૪૬૬. મુનિ પાંચ ઈન્દ્રિયો તણાં, રસ પાંચ, રૂપ પાંચ, બે ગંધ ને–
સ્પર્શ ચાર, શબ્દ પાંચ વિષયે રાગને છે ના કરે. ૬/૪/૧૧

૪૬૭. પ્રતિકૂળ કે અપ્રિય વિષય પાંચ, જે રાગને તે ના કરે;
જીત પાંચ ઈન્દ્રિય કારણે તે જિતેન્દ્રિય કહેવાય છે. ૬/૪/૧૨

**સમતા સમ્હારૈં, થુતિ ઉચારૈં, વંદના જિનદેવ કો,**
**નિત કરૈં શ્રુતિરતિ કરૈં પ્રતિક્રમ, તજૈં તન અહમેવ કો;**
**જિનકે ન ન્હૌન, ન દંતધોવન, લેશ અંબર-આવરન,**
**ભૂમાહિં પિછલી રયનિ મેં કછુ શયન એકાસન કરન. ૫.**

૪૬૮. મુનિ વીતરાગી સામાયિક, સ્તુતિ દેવ-ગુરુ-શાસ્ત્ર કરે;
જિનવંદન, સ્વાધ્યાય ને પ્રતિક્રમણ, કાયોત્સર્ગ કરે. ૬/૫/૧

૪૬૯. શરીર મમતાતણો મુનિ ત્યાગ કરે છે સર્વથા;
તેથી જ તે મુનિરાજને **'ષટ્ આવશ્યક'** છે હોય ત્યાં. ૬/૫/૨

૪૭૦. મુનિરાજ તે ક્યારેય પણ ના સ્નાનને કરતા અને–
ના દાંત સફાઈ કરે, ના વસ્ત્રને ધારણ કરે. ૬/૫/૩

૪૭૧. તે રાત પહર પાછલા ભાગે એક પડખે સૂઈને–
એક પડખે જમીન ઉપર થોડો વખત શયન કરે. ૬/૫/૪

**ઇક બાર દિન મેં લૈં અહાર, ખડે અલપ નિજ-પાન મેં,**
**કચલોંચ કરત, ન ડરત પરિષહ સોં, લગે નિજ ધ્યાન મેં;**
**અરિ મિત્ર, મહલ મસાન, કંચન કાંચ, નિંદન થુતિકરન,**
**અર્ઘાવતારન અસિ-પ્રહારન મેં સદા સમતાધરન. ૬.**

૪૭૨. મુનિ દિવસમાં એકવાર ઊભા ઊભા નિજ હાથ તે;
આહાર થોડો ગ્રહણ કરે ને કેશનો છે લોંચ કરે. ૬/૬/૧

૪૭૩. આતમ ધ્યાને મગન બની પરિષહોથી તે ના ડરે;
બાવીસ પ્રકાર પરિષહો ઉપર જય મેળવેલ છે. ૬/૬/૨

૪૭૪. હો શત્રુ કે હો મિત્ર, સુંદર મહેલ કે સ્મશાન હો;
હો સોનું કે કાચ, નિંદક વા સ્તુતિ કરનાર હો. ૬/૬/૩

૪૭૫. પૂજા-ભક્તિ કરનાર કે તરવાર પ્રહારક હો ભલે;
સમભાવ છે સર્વ પ્રતિ, કો ઉપર રાગાદિ ના કરે. ૬/૬/૪

૪૭૬. પરિષહજય કોને કહે? ક્ષુધા, તૃષા, શીતોષ્ણ ભલે;
ડાંસ-મચ્છર, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ ને– ૬/૬/૫

૪૭૭. મલ, નગ્નતા, અરતિ વળી, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ ને–
હો યાચના, સત્કાર કે પુરષ્કાર પણ હો ભલે. ૬/૬/૬

૪૭૮. અલાભ, અદર્શન વળી પ્રજ્ઞા અને અજ્ઞાન એ–
**‘બાવીસ પ્રકાર પરિષહ’** જય ભાવલિંગીને હોય છે. ૬/૬/૭

૪૭૯. હર સમય ત્રિકષાય અભાવ હોવાથી સ્વરૂપની–
ત્યાં સાવધાની કારણે જેટલાં અંશે રાગાદિની– ૬/૬/૮

૪૮૦. ઉત્પત્તિ ના થાય, તેથી તેટલા અંશે મુનિરાજને–
નિરંતર બાવીશ તે પરિષહોનો જય હોય છે. ૬/૬/૯

૪૮૧. ક્ષુધાદિક જે લાગતાં, તે નાશનો ઉપાય ના કરે;
અજ્ઞાની જીવ તેને પરિષહ સહનતા છે કહે. ૬/૬/૧૦

૪૮૨. ઉપાય તો ત્યાં ના કર્યો, અંતરંગ ક્ષુધાદિથી દુઃખી થયો;
રતિ આદિથી સુખી થયો, તે તો દુઃખ-સુખરૂપ પરિણામ છે.૬/૬/૧૧

૪૮૩. આ દુઃખ-સુખ પરિણામ તે આર્ત-રૌદ્ર પરિણામ છે;
રે! એહવા ભાવો થકી **‘સંવર’** શી રીત હોઈ શકે? ૬/૬/૧૨

૪૮૪. તો પરિષહ જય કહો કઈ રીતે? તત્ત્વજ્ઞાનના અભ્યાસથી–
પદાર્થ કો ઈષ્ટ વળી અનિષ્ટ પણ ના ભાસતા. ૬/૬/૧૩

૪૮૫. દુઃખ કારણો-દુઃખી નહીં, સુખી કારણો-સુખી ન તે;
જ્ઞેયરૂપથી જ્ઞાયક રહે તે જ પરિષહ જય ખરે. ૬/૬/૧૪

**તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, રતનત્રય સેવૈં સદા,**
**મુનિ સાથ મેં વા એક વિચરૈં, ચહૈં નહિં ભવસુખ કદા;**
**યોં હૈ સકલસંયમ-ચરિત, સુનિયે સ્વરૂપાચરન અબ,**
**જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃતિ સબ. ૭.**

૪૮૬. મુનિ ભાવલિંગીને શુદ્ધાત્મ લીન પ્રતપવું તે **‘તપ’** છે;
હઠ વગર વ્રત બારના વિકલ્પ **‘વ્યવહાર તપ’** ખરે. ૬/૭/૧

૪૮૭. વીતરાગ ભાવરૂપી ઉત્તમ ક્ષમાદિ પરિણામ તે **‘ધરમ’** છે;
ભાવલિંગીને ઉપરના તપ, ધરમનું આવરણ હોય છે. ૬/૭/૨

૪૮૮. તે એકલા કે સંઘ સહ વિહાર કરતા હોય છે;
સંસાર સુખ ઈચ્છે નહીં તે **'સકલ ચારિત્ર'** ખરે. ૬/૭/૩

૪૮૯. અજ્ઞાની અનશનાદિ તપથી **'નિર્જરા'** માનશે;
બાહ્ય તપ કેવળ કરે, નિર્જરા ના તેથી થાય છે. ૬/૭/૪

૪૯૦. શુદ્ધોપયોગ છે કારણ નિર્જરા, તેથી ઉપચારથી–
તપને પણ આ ગાથામહીં **'નિર્જરા'** કહેલ છે. ૬/૭/૫

૪૯૧. દુઃખ બાહ્યને સહન કરે, જો નિર્જરા કારણ તે બને;
તો પશુ વગેરે પણ ઘણાં ભૂખ-તરસ છે સહન કરે. ૬/૭/૬

૪૯૨. એ તો પરાધીન સહે, સ્વાધીન ધર્મ બુદ્ધિ વડે–
ઉપવાસાદિ જો તપ કરે તો **'નિર્જરા'** જરૂર ત્યાં બને? ૬/૭/૭

૪૯૩. ધર્મબુદ્ધિથી ઉપવાસાદિ બાહ્ય કરે, ઉપયોગ તો–
અશુભ-શુભ વા શુદ્ધરૂપ, જીવ પરિણમે તેમ પરિણમો. ૬/૭/૮

૪૯૪. પણ ઉપવાસના પ્રમાણમાં જો નિર્જરા થતી હોય તો–
નિર્જરા કારણ ઉપવાસ ઠરે, પણ એમ તો ના બને. ૬/૭/૯

૪૯૫. કારણ, પરિણામ દુષ્ટ જો થાય તો પણ ઉપવાસાદિને–
કરતા છતાં પણ નિર્જરા થવી કેમ સંભવી શકે? ૬/૭/૧૦

૪૯૬. જો શુભ-અશુભ-શુદ્ધ અનુસાર બને બંધ-નિર્જરા;
ઉપવાસાદિ તપ નિર્જરાનું કારણ ક્યાં રહે? ૬/૭/૧૧

૪૯૭. ત્યાં તો પછી શુભ-અશુભ તે બંધના કારણ ઠર્યાં;
ને શુદ્ધ જે પરિણામ તે નિર્જરા કારણ ઠર્યા. ૬/૭/૧૨

૪૯૮. જો એમ તો અનશનાદિને તપ સંજ્ઞા શી રીત કહે?
ત્યાં અનશનાદિ તપ ખરે! **'બાહ્ય તપ'** કહેલ છે. ૬/૭/૧૩

૪૯૯. બાહ્ય તણો અર્થ–બહાર દેખાય કે તપસ્વી છે;
પણ અંતરંગમાં પરિણામ જેવાં ફળ તેવું પામશે. ૬/૭/૧૪

૫૦૦. પ્રાયશ્ચિત્ત, વૈયાવૃત્ય, વિનય, સ્વાધ્યાય, ત્યાગ ને
ધ્યાન, બાહ્ય પ્રવર્તને બાહ્યતપ સમાન જ જાણજે. ૬/૭/૧૫

૫૦૧. અનશનાદિ સમ તે બધી બાહ્ય ક્રિયાઓ જાણજે;
પ્રાયશ્ચિત્તાદિ સાધનો પણ તપ અંતરંગ ના બને. ૬/૭/૧૬

૫૦૨. પણ એહવા બાહ્ય પ્રવર્તને અંતરંગ પરિણામો તણી–
જે શુદ્ધતા અંતરંગ તે નિર્જરા, ના બંધ બને. ૬/૭/૧૭

૫૦૩. ત્યાં જેટલો શુદ્ધતાતણો અંશ, તેટલી નિર્જરા બને;
ને જેટલો બંધ ભાવ છે તેના થકી તો બંધ જ ખરે. ૬/૭/૧૮

૫૦૪. તેથી અનશનાદિ ક્રિયાને તપસંજ્ઞા છે ઉપચારથી,
વ્યવહાર તપ તેને કહે, ઉપચાર પણ તેને કહી. ૬/૭/૧૯

૫૦૫. ઘણું શું? એટલું સમજવું, નિશ્ચય ધરમ ભાવ વીતરાગ છે;
ને ભેદ અનેક પ્રકાર તે નિમિત્ત અપેક્ષા ઉપચાર છે. ૬/૭/૨૦

૫૦૬. તે વ્યવહાર માત્ર સંજ્ઞા ધરમની, રહસ્ય છે ના જાણતો;
ને તેથી જ તેને **'નિર્જરા'** કે તપ શ્રદ્ધાન સાચું ના કહો. ૬/૭/૨૧

૫૦૭. ક્રોધાદિનો ત્યાગ ઉત્તમ ક્ષમાદિ ક્યારે થાય છે?
બંધ-મોક્ષ, ભય-ઈચ્છા થકી ક્રોધાદિને તે ના કરે. ૩/૭/૨૨

૫૦૮. ત્યાં ક્રોધ-માનાદિ કરવા અભિપ્રાય તો ગયો નથી;
રાજાદિના ભય થકી, અથવા મોટાઈ-આબરૂ લોભથી. ૬/૭/૨૩

૫૦૯. પરસ્ત્રી નહીં જો સેવતો, તો ત્યાગી કહી શકાય ના–
તે રીત આ પણ ત્યાગી નથી, તો શી રીત ત્યાગી કહો? ૬/૭/૨૪

૫૧૦. પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસતા ક્રોધાદિ ત્યાં થાય છે;
પણ તત્ત્વજ્ઞાન અભ્યાસથી કો ઈષ્ટ-અનિષ્ટ ના ભાસશે. ૬/૭/૨૫

૫૧૧. ત્યારે સ્વયં જો ક્રોધાદિક ત્યાં જો ના ઉપજે;
ત્યારે જ ખરે તેમને સાચા ક્ષમાદિક બને. ૬/૭/૨૬

૫૧૨. સ્વરૂપાચરણ ચારિત્રનું વર્ણન સાંભળો હવે;
જે પ્રગટતા નિજ આત્મના અનંતજ્ઞાન-દર્શન-સુખ ને– ૬/૭/૨૭

૫૧૩. અનંત વિર્યાદિ શક્તિનો પૂર્ણ વિકાસ છે પ્રગટતો;
પર પદાર્થ પ્રવૃત્તિ અટકતી તે **'સ્વરૂપાચરણ ચરિત'** કહો. ૬/૭/૨૮

**જિન પરમ પૈની સુબુધિ છૈની, ડારિ અંતર ભેદિયા,**
**વરણાદિ અરુ રાગાદિ તૈં, નિજ ભાવ કો ન્યારા કિયા;**
**નિજ માંહિં નિજ કે હેતુ નિજકર, આપ કો આપૈ ગહ્યો,**
**ગુણ-ગુણી જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, મँઝાર કછુ ભેદ ન રહ્યો. ૮.**

૫૧૪. કટકા કરીને કાપતી જે રીત છીણી લોહને,
શુદ્ધોપયોગી કર્મ કાપીને આત્મા થકી જુદા કરે. ૬/૮/૧

૫૧૫. સ્વરૂપાચરણે મુનિ અંતરંગ ભેદવિજ્ઞાન છીણી વડે;
દ્રવ્યકર્મ, નોકર્મ વળી ભાવકર્મને ભિન્ન કરે. ૬/૮/૩

૫૧૬. નિજ આત્મમાં, આત્મા વડે, આત્માને સ્વયં છે જાણશે;
સ્વાનુભવે ગુણ-ગુણી, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય ભેદો ના રહે. ૬/૮/૩

**જહઁ ધ્યાન-ધ્યાતા-ધ્યેય કો ન વિકલ્પ, વચ-ભેદ ન જહાઁ,**
**ચિદ્ભાવ કર્મ, ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાઁ;**
**તીનોં અભિન્ન અખિન્ન શુધ-ઉપયોગ કી નિશ્ચલ દશા,**
**પ્રગટી જહાઁ દ્રગ-જ્ઞાન-વ્રત યે, તીનધા એકૈ લસા. ૯.**

૫૧૭. સ્વરૂપાચરણે મુનિ જ્યારે આતમધ્યાનમાં મગ્ન બને;
તો ધ્યાન-ધ્યાતા-ધ્યેય એવા ભેદ ત્યાં છે ના રહે. ૬/૯/૧

૫૧૮. વચન વિકલ્પ ના હોય છે, કર્તા, કર્મ, ક્રિયા આત્મા જ છે;
કર્તા-કરમ-ક્રિયા તહીં તદ્દન અભિન્ન થઈ જાય છે. ૬/૯/૨

૫૧૯. શુદ્ધોપયોગ અટળ દશા દર્શન-જ્ઞાન-ચરિત સમ્યક્ તે–
એક સાથ, એકરૂપ થઈ પ્રકાશમાન ત્યાં થાય છે. ૬/૯/૩

**પરમાણ-નય-નિક્ષેપ કૌ, ન ઉદ્યોત અનુભવ મેં દિખૈ,**
**દ્રગ-જ્ઞાન-સુખ-બલમય સદા, નહિં આન ભાવ જુ મો વિખૈં;**
**મૈં સાધ્ય સાધક મૈં અબાધક, કર્મ અરુ તસુ ફલનિ તૈં,**
**ચિત્-પિંડ ચંડ અખંડ સુગુણકરંડ ચ્યુત પુનિ કલનિ તૈં. ૧૦.**

૫૨૦. સ્વરૂપાચરણ અનુભવમહીં પ્રમાણ-નયાદિ વિકલ્પો ના રહે;
ગુણ-ગુણી ભેદો નહીં, ત્યાં એવું ધ્યાન હોય છે. ૬/૧૦/૧

૫૨૧. ધ્યાન પ્રથમમાં–અનંત દર્શન-જ્ઞાન-સુખ-વીર્ય હું;
રાગાદિ નથી, સાધ્ય-સાધક હું, કરમ ને ફળ થકી જુદો રહું.૬/૧૦/૨

૫૨૨. હું જ્ઞાન-દર્શન-ચેતના સ્વરૂપ નિર્મળ ઐશ્વર્યવાન છું;
અખંડગુણભંડાર હું, પુણ્ય-પાપથી હું રહિત છું. ૬/૧૦૩

૫૨૩. આશય અહીં એવો બને, સર્વ પ્રકાર વિકલ્પ ના રહે;
નિર્વિકલ્પ સ્થિરતાને **‘સ્વરૂપાચરણ ચારિત્ર’** કહે. ૬/૧૦/૪

**યોં ચિન્ત્ય નિજ મેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો,**
**સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા અહમિન્દ્ર કે નાહીં કહ્યો;**
**તબ હી શુકલ ધ્યાનાગ્નિ કરિ, ચઉઘાતિ વિધિ-કાનન દહ્યો,**
**સબ લખ્યો કેવલજ્ઞાન કરિ, ભવિલોક કો શિવમગ કહ્યો. ૧૧.**

૫૨૪. આ ચારિત્રમાં મુનિ જ્યારે આત્મામહીં લીન થાય છે;
આનંદ જે ત્યાં હોય તે ઈન્દ્ર, નાગેન્દ્રાદિને ના હોય છે. ૬/૧૧/૧

૫૨૫. આ ચારિત્ર પ્રગટતાં સ્વ દ્રવ્ય ઉગ્ર એકાગ્રતા વડે;
શુક્લધ્યાન અગ્નિ વડે ઘાતિકરમનો નાશ થાય છે. ૬/૧૧/૨

૫૨૬. અર્હંત દશા પ્રાપ્ત થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં;
ત્રિકાળ-ત્રિલોક જણાય, માર્ગ મોક્ષનો ઉપદેશતા. ૬/૧૧/૩

૫૨૭. કર્મ ઘાતિ બે પ્રકારના દ્રવ્ય-ભાવ ઘાતિ નામના– (ફૂટનોટ)
ધ્યાન શુક્લથી અવસ્થા શુદ્ધ પ્રગટતાં 'ભાવઘાતિ' નામના– ૬/૧૧/૪

૫૨૮. અશુદ્ધ પર્યાયો ના ઉપજે તે ભાવઘાતિનો નાશ છે; (ફૂટનોટ)
તે સમય 'દ્રવ્યઘાતિ' કરમનો સ્વયં અભાવ બને. ૬/૧૧/૫

**પુનિ ઘાતિ શેષ અઘાતિ વિધિ, છિન માહિં અષ્ટમ ભૂ વસૈં,**
**વસુ કર્મ વિનસૈં સુગુણ વસુ, સમ્યક્ત્વ આદિક સબ લસૈં;**
**સંસાર ખાર અપાર પારાવાર તરિ તિરહિં ગયે,**
**અવિકાર અકલ અરૂપ શુચિ, ચિદ્રૂપ અવિનાશી ભયે. ૧૨.**

૫૨૯. અરિહંત થતા જે ગુણોતણી પર્યાયમાં અશુદ્ધતા હોય છે;
તેનો ક્રમે અભાવ થઈ પૂરણ શુદ્ધ દશા પ્રાપ્ત કરે. ૬/૧૨/૧

૫૩૦. તે સમય 'અસિદ્ધત્વ' નામે ઉદયભાવ નષ્ટ બને;
ચાર અઘાતિ કરમનો સ્વયં સર્વથા અભાવ બને. ૬/૧૨/૨

૫૩૧. સિદ્ધદશા સમ્યક્ત્વ આદિ ગુણ આઠ પ્રગટતા;
વ્યવહારથી આઠ કહ્યાં,ગુણ અનંત નિશ્ચય શુદ્ધ થતાં. ૬/૧૨/૩

૫૩૨. સ્વભાવિક ઊર્ધ્વગમનના કારણે સમય એક જે–
લોકાગ્રે પહોંચી જઈ ત્યાં જ સદા સ્થિર રહે. ૬/૧૨/૪

૫૩૩. સંસાર અગાધ સમુદ્ર પાર તે જીવ નિર્વિકાર અશરીર છે;
અમૂર્તિક, શુદ્ધ ચેતનરૂપ, અવિનાશ, સિદ્ધ પદે રહે. ૬/૧૨/૫

**નિજ માહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે,**
**રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે;**
**ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા,**
**તિનહી અનાદિ ભ્રમણ પંચપ્રકાર તજિ, વર સુખ લિયા. ૧૩.**

પ૩૪. તે સિદ્ધ ને કેવળજ્ઞાનમાં લોક-અલોક પોતાના ગુણ અને–
ત્રિકાળ પર્યાયો સહિત એકસાથ અરીસા સમ જણાય છે. ૬/૧૨/૧

પ૩પ. સિદ્ધો પૂરણ પવિત્રતારૂપ મોક્ષદશાને પામેલ છે;
અન્ય સિદ્ધ સમાન એ દશા કાળ અનંત સુધી રહે. ૬/૧૩/૨

પ૩૬. જો બીજ બાળી નાખીયે તો ફરી-ફરી ઊગે નહીં; (ફૂટનોટ)
સંસાર કારણ નષ્ટ થતાં, જનમ ધારણ ના રહે ફરી. ૬/૧૩/૩

પ૩૭. માખણમહીં ઘી થાય ત્યાં ફરી માખણ ના થાય છે; (ફૂટનોટ)
મોક્ષદશા ત્યમ પ્રગટતા સંસાર ફરી ના આવશે. ૬/૧૩/૪

પ૩૮. અપરિમિત કાળ જાય પણ અખંડ શાંતિમાં બાધા ન છે;
પુરુષ પર્યાયે શુદ્ધ ચૈતન્ય થયાં તે ધન્યવાદને પાત્ર છે. ૬/૧૩/પ

પ૩૯. તેઓ અનાદિ પાંચ પરાવર્તનરૂપ સંસારના–
પરિભ્રમણ ત્યાગ કરી ઉત્તમ સુખને પ્રાપ્ત થયા. ૬/૧૩/૬

**મુખ્યોપચાર દુ ભેદ યોં બડભાગિ રત્નત્રય ધરૈં,**
**અરુ ધરેંગે તે શિવ લહૈં, તિન સુયશ-જલ જગ-મલ હરૈં;**
**ઇમિ જાનિ, આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ,**
**જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ. ૧૪.**

પ૪૦. સત્પુરુષાર્થી સર્વજ્ઞ કથિત નિશ્ચય-વ્યવહાર રત્નત્રયતણું–
સ્વરૂપ જાણી, ઉપાદેય-હેય તત્ત્વ સ્વરૂપ સમજીને– ૬/૧૪/૧

પ૪૧. નિજ શુદ્ધ ઉપાદેય આશ્રિત રત્નત્રય ધારણ કરે;
કરશે ભાવિમાં, તે પૂરણ પવિત્ર મોક્ષદશાને પામશે. ૬/૧૪/૨

પ૪૨. ગુણસ્થાન પ્રમાણમાં શુભરાગ તે વ્યવહાર રત્નત્રય કહે;
ઉપાદેય તે ના માનવું, વ્યવહાર રત્નત્રયનું ધારણ તે. ૬/૧૪/૩

પ૪૩. જે મોક્ષ પામ્યા-પામશે તેનું સુકીર્તિરૂપ જળ કેવું છે?
સિદ્ધ સ્વરૂપ સમજીને સ્વસન્મુખ થનાર ભવ્ય જે. ૬/૧૪/૪

૫૪૪. તેવા સંસારરૂપી મલિનમળને હરવાને નિમિત્ત છે;
એ જાણી, છોડી, પ્રમાદને, સાહસથી ઉપદેશ આ ગ્રહે. ૬/૧૪/૫

૫૪૫. જ્યાં સુધી રોગ-ઘડપણે શરીર ના ઘેરેલ છે;
ત્યાં સુધીમાં શીઘ્ર આતમ હિત સાધી લેવું જોઈએ. ૬/૧૪/૬

**યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈએ,**
**ચિર ભજે વિષય-કષાય અબ તો ત્યાગ નિજપદ બેઈએ;**
**કહા રચ્યો પર પદ મેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુખ સહૈ,**
**અબ 'દૌલ'! હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ. ૧૫.**

૫૪૬. આ રાગ અગ્નિ અનાદિથી સંસારીને બાળી રહ્યો;
તેથી નિશ્ચય રત્નત્રયી સમતામૃત પાન કરવું જોઈએ. ૬/૧૫/૧

૫૪૭. રાગાદિ ને અજ્ઞાનનો થાય નાશ, વિષય-કષાય સેવન છે–
જે ઘણા કાળથી તે ત્યાગીને આત્મપદ પ્રાપ્ત કરવું જોઈએ.૬/૧૫/૨

૫૪૮. તું દુઃખ શાને સહે? તારું વાસ્તવિક સ્વરૂપ તો ખરે;
અનંત જ્ઞાન સુખ-વીર્ય તેમાં લીન તું થા હવે. ૬/૧૫/૩

૫૪૯. તેમ કરતા સુખ સાચું મોક્ષપ્રાપ્તિ થઈ શકે;
હે જીવ દૌલત! હવે આતમ સ્વરૂપ પ્રાપ્ત કરે. ૬/૧૫/૪

૫૫૦. ઓળખ હવે, અવસર ઉત્તમ વારંવાર ના મળતો રહે;
ગુમાવ ના, સંસાર મોહ ત્યાગી ઉપાય મોક્ષનો કર હવે. ૬/૧૫/૫

૫૫૧. આ જીવ અનાદિ કાળથી મિથ્યાત્વરૂપ અગ્નિ અને–
રાગાદિ નિજ અપરાધથી દુઃખી થઈ રહેલ છે. ૬/૧૫/૬

૫૫૨. માટે જીવ સુલટા પુરુષાર્થથી સુખી છે થઈ શકે;
એ નિયમ, તેથી જડ કરમના ઉદય કે પરના કારણે– ૬/૧૫/૭

૫૫૩. આ જીવ દુઃખી થઈ રહ્યો, અથવા તે પર વડે–
જીવને લાભ-નુકશાન છે એ માનવું ના યોગ્ય છે. ૬/૧૫/૮

**ઇક નવ વસુ ઇક વર્ષ કી, તીજ શુક્લ વૈશાખ;**
**કર્યો તત્ત્વ-ઉપદેશ યહ, લખિ બુધજન કી ભાખ.**
**લઘુ-ધી તથા પ્રમાદ તૈં, શબ્દ-અર્થકી ભૂલ;**
**સુધી સુધાર પઢો સદા, જો પાવો ભવ-કૂલ. ૧૬.**

૫૫૪. મૈં દૌલતે બુધજનકૃત છ ઢાળ કથનીના આધારથી–
સંવત અઢાર એકાણુનાં અક્ષયત્રીજે ઢાળ છ રચી. ૬/૧૬/૧

૫૫૫. મુજ બુદ્ધિ અલ્પ, પ્રમાદથી ક્યાંય શબ્દ કે અરથની–
જો ભૂલ, બુદ્ધિમાન તો સુધારી તેને વાંચવી. ૬/૧૬/૨

૫૫૬. જેથી કરી આ જીવ તે સંસારના ગહન સમૂદ્રને–
નિજ શક્તિથી તરવાને શક્તિમાન છે બની શકે. ૬/૧૬/૩

૫૫૭. છ છંદ છે, છ પ્રકરણો, મિથ્યાત્વ-રાગાદિ-અજ્ઞાનના
અંધકારને રોકવા ઢાલ સમાન તેથી 'છઢાળ' કહી. ૬/૧૬/૪

૫૫૮. છહઢાળ આ પ્રખ્યાત છે, સૌ પાઠશાળાએ ભણે;
તેથી જ તે ભાવાર્થનું પદ્યરૂપ અહીં કરેલ છે.

૫૫૯. ચેતનપ્રિયે એકવીસ જાન્યુઆરી આઠથી શરૂ કરી;
ત્રણ ફેબ્રુઆરી સુધીમાં દિન ચૌદમાં રચના કરી.

૫૬૦. સુરેન્દ્રનગરે શરૂ કરી, સુવર્ણપુરે પૂરણ કરી–
પુદ્‌ગલ તણો સૌ ખેલ આ, ગુરુ કહાનની કૃપા ઘણી.

❋ ❋ ❋

## ❋ શુભેચ્છકો–અભિપ્રાયકો ❋

'કહાન મહિમા પ્રકાશન' તથા શૈક્ષણિક સાહિત્ય-કાર્યક્રમો અંગે સેંકડો શુભેચ્છારૂપ અભિપ્રાયો લેખિત સ્વરૂપમાં મળવામાં છે. કેટલાક મૌખિકરૂપે પણ મળેલ છે. તે પૈકી થોડાં અભિપ્રાયની યાદી અહીં નીચે આપેલ છે. સ્થળ સંકોચના કારણે તેમનાં દ્વારા અભિવ્યક્ત થયેલ ભાવોને અહીં વ્યક્ત કરેલ નથી. જે હવે પછીના પ્રકાશનોમાં દર્શાવવામાં આવશે. કેટલીક રચનાઓ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ વારંવાર ભજવાતી આવી છે. તે સર્વનો અત્રે આભાર વ્યક્ત કરવામાં આવે છે. સ્થળસંકોચને કારણે આ યાદીમાં જેનો સમાવેશ થયેલ નથી તેઓ ક્ષમ્ય ગણે.

લલિતાબહેન અજમેરા, પરિવાર (અડતાલા)
હસમુખભાઈ વોરા, મુંબઈ (પ્રમુખ)
પંડિત સુભાષભાઈ શેઠ, વાંકાનેર
કાંતિભાઈ દોશી, મીરા રોડ
જયાબહેન શાહ, (લોકભારતી ટ્રસ્ટી)રાજકોટ

કુમુદચંદ્ર ઠાકર (પૂર્વ નિયામક)
પ્રવીણ ઠક્કર (નિયામક)
મણિભાઈ પંડ્યા (નિવૃત્ત પ્રિન્સીપાલ)
પંડિત અશોકભાઈ શ્રોફ, ખંડવા
નરેન્દ્રભાઈ કોટેચા (પ્રિન્સીપાલ)

જિતેન્દ્રસિંહ ગોહિલ (નિવૃત્ત પ્રિન્સીપાલ)
મનોહર ત્રિવેદી (કવિ)
ડૉ. હિંમતભાઈ રૈયા (પ્રિન્સીપાલ)
કાંતિભાઈ ભાયાણી, ભાવનગર
મોહનભાઈ લાઠીયા (પ્રિન્સીપાલ)
પ્રા. કંતિભાઈ રાવળ, ભાવનગર
મુકુન્દરાય મુનિ (નિવૃત્ત પ્રિન્સીપાલ)
ભગીરથ મુનિ (ઉપસચીવ)
બ્ર. ચંદ્રિકા પંચાલી, બોટાદ
ડૉ. હિતેશ શાહ (ડી.એમ., સીવીલ)
પ્રીતિ ચંદ્રેશકુમાર, દાહોદ
રવીન્દ્ર અંધારિયા, (નિવૃત્ત પ્રિન્સીપાલ)
રમણિકભાઈ તુરખિયા, વડોદરા
કલાબહેન શેઠ, જામનગર
જિનબાળ ડગલી, લંડન
શાંતાબહેન મહેતા ભાવનગર
જી. એમ. મજીઠીયા (વૈદરાજ)
ડૉ. સુમેધાબહેન પંચોળી, ભાવનગર
રાજમલ પવૈયા (કવિ ), ભોપાલ
પ્રા. યોગેશ ભટ્ટ, ભાવનગર
ભાનુશંકર વ્યાસ (પ્રિન્સીપાલ)
ડાલચંદ જૈન, સાગર (પૂર્વ સંસદસભ્ય)
રમણિક ગાંધી, ભાવનગર
ચંદ્રકાંત બોટાદરા, અમદાવાદ
અનંતરાય બોટાદરા, અમદાવાદ
ડૉ. ઉપેન્દ્રભાઈ, જામનગર
નરેન્દ્રભાઈ કામદાર, વસઈ
મહેન્દ્રભાઈ કામદાર, મુલુન્ડ
અનંતરાય કામદાર, બોરીવલી
નાનચંદ ખંધાર, સુરેન્દ્રનગર
હરેશ મહેતા (ગાયક કલાકાર)
નાગરભાઈ મોદી, સોનગઢ
હસમુખભાઈ શાહ, અમેરિકા
રસિકભાઈ ધોળકીયા, ઘાટકોપર
ધીરુભાઈ ભાયાણી, ભાવનગર
કાંતિલાલ અમીચંદ કામદાર, ચેન્નઈ

નરેશ વરિયા (તંત્રી-'ધબકાર') સુરત
કાંતિભાઈ કામદાર (તંત્રી-'નવયુગ') અમરેલી
પં. હિમ્મતભાઈ ડગલી, સોનગઢ
રમણિકભાઈ અજમેરા પરિવાર (શિપબ્રેકર)
હસમુખ ગાંધી, ભાવનગર
શાંતિલાલ ભાયાણી, ચેન્નઈ
અજયકુમાર જૈન, આરા (બિહાર)
બાર્ટન (ગ્રંથપાલ), ભાવનગર
ગાંધીસ્મૃતિ (ગ્રંથપાલ), ભાવનગર
અનુમતિબહેન મહેતા, પોરબંદર
સંજય મકવાણા (પ્રમુખ), ધજાળા
રાજુલ પ્રવીણચંદ્ર શાહ, અમદાવાદ
પ્રેમજિત વાલસુર (ગાયક કલાકાર)
દિલીપ દવે (ગાયક કલાકાર)
મંજુલાબહેન રમેશચંદ્ર, (પ્રદીપ પેટ્રોલિયમ)
બ્ર. જિનમતીબહેન, સોનગઢ
મંજુલાબહેન પ્રેમચંદ, સોનગઢ
નરેન્દ્રકુમાર ભાયાણી, ભાવનગર
ડૉ. સ્મિતાબહેન ડૉ. ભરતકુમાર (સીવિલ)
કિરણ ડેલીવાળા, (ગુજરાત ટુરિઝમ)
સવિતાબહેન ડેલીવાળા, ગાંધીનગર
દેવીબહેન શુક્લ, ગોપાલધામ
પ્રભુદાસ ધીયા પરિવાર, રાજકોટ
શૈલેષ મકવાણા, મહુવા
હિરેન આહિર, (પ્રિન્સીપાલ)
વાઘજી કરમટિયા (પ્રિન્સીપાલ)
બાબુભાઈ ઝવેરી, સોનગઢ
પારેખ મંજુલાબહેન, સોનગઢ
જિલ્લા લાયબ્રેરી (ગ્રંથપાલ),ભાવનગર
બ્ર. માલતીબહેન, ભાવનગર
હસમુખભાઈ ભાયાણી, ભાવનગર
કરણસિંહજી, સોનગઢ
ડૉ. ભાવના પાઠક, લોકભારતી
બહાદૂરસિંહભાઈ, સોનગઢ
વીરેન્દ્રસિંહ નટુભાઈ (કહાનગુરુ અંકુર સ્કૂલ)
આ. ધીરજશ્રી, સોનગઢ

ઋષભભાઈ જૈન, સોનગઢ
ઉમેદભાઈ મોદી, સોનગઢ
ચમ્પકભાઈ (નિવૃત્ત પ્રિન્સીપાલ)
મનુભાઈ કામદાર, સોનગઢ
ભૂપાલભાઈ, દિલ્હી
સત્યપ્રકાશ પી. જૈન, શામલી
કિરીટભાઈ કામદાર, રાજકોટ
બ્ર. ઝમકલાલજી જૈન, સોનગઢ
રમણભાઈ જૈન, ગાંધીનગર
કુલીનચંદ્ર, અમદાવાદ
ભરતભાઈ સુંદરભાઈ, મીઠાપુર
ડૉ. ત્રિવેદી, સોનગઢ
વાધર પરિવાર, જામનગર
રસિકભાઈ ડગલી, ઘાટકોપર
અમિષા નિજેશભાઈ, ઘાટકોપર
ગણપતભાઈ (પ્રિન્ટીંગ પ્રેસ)
સપાણી પરિવાર, વાંકાનેર
શાંતિલાલ જે. મોદી, (સાગરબંગલો)
રાજુભાઈ જૈન, અમરગઢ
કેશવલાલ દામાણી, સોનગઢ
ધરણીધરભાઈ દામાણી, અમદાવાદ
નાનુભાઈ ભરાડ (મેનેજર અતિથિગૃહ)
રમેશભાઈ રાયાણી (આચાર્ય)
ગુણવંતભાઈ (રચના લેબોરેટરી)
રાકેશ કુમારભાઈ, (ગાયક કલાકાર)સોનગઢ
પોપટભાઈ ખંધાર, સુરેન્દ્રનગર
ડૉ. જયંત ખંધાર, સુરેન્દ્રનગર
ભવાનભાઈ દિહોરા, (નિવૃત્ત આચાર્ય)
ગોરધનભાઈ કોશિયા, અડતાલા
તુલસીભાઈ પટેલ (પ્રિન્સિપાલ)
ડૉ. ભાવનાબહેન પાઠક (લોકભારતી)
ડૉ. શ્રીધર ગજ્જર (વિભાગીય વડા)
દલસુખભાઈ પટેલ (ભૂતપૂર્વ મંત્રી)
કાંતિભાઈ ગોઠી (ઉપનિયામક)
જયકિશન ભાલ (વીમા એજન્ટ)
જસવંતસિંહ ગોહિલ (પરીક્ષા નિયામક)

પૃથ્વીકુમાર શાહ, સોનગઢ
નિલય જ્ઞાનચંદજી જૈન (કહાન મુદ્રણાલય)
સૂર્યકાંત વોરા, અમદાવાદ
આર. ટી. પટેલ (પ્રિન્સિપાલ)
બાબુભાઈ ધામેલિયા (પ્રિન્સિપાલ)
ધીરુભાઈ રાઠોડ (લોકભારતી)
માધુભાઈ નાંદેરિયા (પ્રિન્સિપાલ)
પ્રભાબહેન પ્રવીણચંદ્ર, ભાવનગર
જાદવભાઈ પીપળીયા, રાજકોટ
ચંદુભાઈ જોષી, વઢેરા
પ્રવીણભાઈ મહેતા, સુરત
પંકજભાઈ વ્યાસ, વઢવાણ
મહેન્દ્રભાઈ કાપડી, મુંબઈ
બાબુભાઈ બારૈયા, દેવગાણા
બાબુભાઈ શાહ, સુરત
સુંદરલાલ ચોક્સી, મહુવા
વિશ્વમંગલમ્ આશ્રમ, બાડોદરા
મગનભાઈ પટેલ, તળાજા
નરેન્દ્ર ઝવેરી, સુરત
પ્રફુલ્લ દવે, જામનગર
દિગંબર જૈન મંદિર, પાલડી
કિશોરભાઈ વ્યાસ, ઘોઘા
વિનોદ આચાર્ય, સુરત
વસંતભાઈ શેઠ, પાલીતાણા
હર્ષદભાઈ વ્યાસ, ભાવનગર
નટુભાઈ ભાવસાર, સાવરકુંડલા
મહિપતભાઈ પંડ્યા, સોનગઢ

## ભાવી પ્રકાશનો

* સમયસાર પદ્ય
* ભેદસંગ્રહ
* જૈન પારિભાષિક કોષ
* કહાન સૂત્ર રેટીંગ સ્કેલ
* સફળ શિક્ષક